હર્ષદરાય વ. કુરાણી

॥ શ્રી કૃષ્ણાય નમઃ ॥
॥ શ્રી ગોપીજન વલ્લભાય નમઃ ॥
॥ શ્રી મદાચાર્ય ચરણ કમલેભ્યો નમઃ ॥

અગ્નિ સ્વરૂપ (ભાગ - ૪)

શ્રી મધુરાષ્ટકમ્
(ચિત્રજી સહિત)

પુષ્ટિ સાહિત્ય પુસ્તકાલય
શ્રી ઠક્કાઈ ભાટીયા સેવા ફંડ, શ્રી વલ્લ[illegible]
એસ. વી. રોડ, [illegible]
કાંદિવલી (વેસ્ટ), મુંબઈ-[illegible]

સાદર સમર્પિત

ગો. વા. અમારા પૂજનીય પિતાશ્રી શ્રી અમૃતલાલ રૂગનાથ કુરાણી તથા ગો. વા. અમારા પૂજનીય માતૃશ્રી અ. સૌ. તારાબેન અમૃતલાલ કુરાણી (નાગપુરવાળા)ને આ મધુરાષ્ટકમ્ પુસ્તક અમો સાદર સમર્પણ કરીએ છીએ.

અ. સૌ. મધુ પ્રવીણકુમાર કુરાણી	અ. સૌ. વિણાબેન કાન્તીલાલ ધ્રુવ
અ. સૌ. મીના હર્ષદરાય કુરાણી	અ. સૌ. મધુબેન અશોકકુમાર ધીયા
અ. સૌ. પારૂલ રાજકુમાર કુરાણી	અ. સૌ. છાયાબેન ભારતેન્દુ પારેખ
અ. સૌ. મોના કિરણકુમાર ધ્રુવ	અ. સૌ. તૃપ્તીબેન યોગેશ ગાદોયા

કુ. રચના ધીયા, કુ. ઈશાની પારેખ
કુ. રાધિકા ધ્રુવ, કુ. દેવીકા કુરાણીના જય શ્રી કૃષ્ણ

– ન્યોછાવર –

મેરા મુજમેં કુછ નહી. જો કુછ હે સબ તૌર
તેરા તુજકો સોપતે કયા જાવેગા મૌર.



મંગળા

સમય ૫ થી ૭।।, શંખનાદથી મંગળા દર્શનનો પ્રારંભ થાય, બ્રમ્હમુર્હતમાં ત્રિભોવનનાથને હરખથી, હેતથી ઉઠાડવામાં આવે છે. દર્શનાતુર ભાવિકોને શ્રદ્ધા છે કે મંગળાના દર્શનથી અમંગળ નો નાથ થાય.



મંગળા

મંગળાના દર્શન માત્રથી ત્રિવિધ તાપ ટળે અને
રૂંવે રૂંવે ભકિતની રણઝણ ચઢે એવા ગોવર્ધનધારી
શ્રીજી બાવાના ચરણોમાં સાષ્ટાંગ પ્રણામ

વંદન (મંગળાચરણ)

વંદન કરીએ શ્રીનાથજી તમને,
ધ્યાન સદા અમે ધરીએ તમ ચરણે (૧)

પ્રથમ વંદન શ્રી વલ્લભ ગુરૂજીને કરીએ,
શરણે લીધા સૌ દૈવી જીવને (૨)

બીજુ વંદન શ્રી વિઠ્ઠલનાથજીને કરીએ,
હાથ ગ્રહી સેવ્યો ગોવર્ધન ધરને (૩)

ત્રીજુ વંદન શ્રી ગોકુલનાથજીને કરીએ,
માળા તિલક ધર્મ રાખ્યો પુષ્ટી કારણે (૪)

ચોથું વંદન શ્રી હરિરાયજીને કરીએ,
દીનતા ના દાન દીધા વૈષ્ણવ જનને (૫)

પાંચમુ વંદન શ્રી યમુનાજીને કરીએ,
પયપાન કરીને પાવન થઈએ (૬)

છઠ્ઠું વંદન શ્રી વૃજભૂમિને કરીએ.
વ્રજ રજમાં લોટી દેહ ધન્ય બનાવીએ (૭)

સાતમું વંદન શ્રી સાતે લાલજીને કરીએ,
સેવા સ્મરણ કરી શરણમાં રહીએ (૮)

દાસ ગોપીજન કહે વંદનને સ્વીકારજો
વંદન કરો સૌને પણ મન પ્રભુમાં રાખજો

પ. ભ. ગો. વા. અમૃતલાલ રૂગનાથ કુરાણી (ગોપીજન) ના
શ્રી ચરણોમાં સદૈન્ય દંડવત પ્રણામ



॥ શ્રી હરિઃ ॥

श्री हरी :

॥ શ્રી દ્વારકેશો જયતિ : ॥

Goswami Vagishkumarji

(Kankroli)

શ્રી પ્રવિણભાઈ કુરાણી, શ્રી હર્ષદભાઈ કુરાણી, વિણાબેન ધ્રુવ તથા મધુબેન ધીયા,

અમૃતલાલભાઈ જેવા મહાન ભગવદીયના સ્વપ્નને સાકાર કરવાનું ભગીરથકાર્ય આપ ચારે વૈષ્ણવ ભાઈબહેનો પોતાનું કર્તવ્ય સમજીને કરી રહયા છો, તે પુષ્ટિજગત માટે અતિ આનંદની વાત છે.

અમૃતલાલભાઈની ઈચ્છા મધુરાષ્ટકમ્ પુસ્તિકા પ્રગટ કરવાની હતી પરતું સર્વે મધુરને પ્રભુ હમેશા સમાવી લે છે. તેજ પ્રકારે અમૃતલાલભાઈને પ્રભુએ પોતાની નીજ સેવામા સ્વીકારી લીધા અને આ મધુરાષ્ટકનું ભગીરથ કાર્ય એમના પરિવારજનોને સોપ્યું. તે એક વાત સ્પષ્ટ કરે છે કે વૈષ્ણવ પોતાના જીવનમાં જો સંસ્કારોનું ભાથુ મુકે તો આવનારી સમગ્ર વૈષ્ણવ સૃષ્ટિ અને પરિવારજનો સંપ્રદાયના દીવ્ય સિધ્ધાન્તોથી સુસ્કાંરીત થાય છે.

અમૃતલાલભાઈની શ્રી મહાપ્રભુજી પ્રત્યેની નીષ્ઠા, ભાવના, ગુરૂ પ્રત્યેની નીષ્ઠા અને સંપ્રદાય પ્રત્યેની ભાવનાએ સંપ્રદાયને ખુબજ સુંદર ચિત્રજીઓની હારમાળા સમાન ભેટ આપેલ છે. આજે એમના વિભિન્ન પુસ્તકોમાં જે ચિત્રજી છે તે વૈષ્ણવોને અન્યકોથી પણ મળતા નથી.

સમગ્ર પરિવારને હુ ખુબ ખુબ ધન્યવાદ સહ: આશીર્વાદ પાઠવું છું. પિતાના ધાર્મિક વારસાને જાળવવા બદલ.

ભવદિય
શ્રી વાગીશ કુમાર
(કાકરોલી)

શ્રી મધુરાષ્ટકમ્


अधरं मधुरं वदनं मधुरं नयनं मधुरं हसितं मधुरम्
हृदयं मधुरं गमनं मधुरं मधुराधिपते रखिलं मधुरम्

શ્રાવણ સુદ ૧૧ની અર્ધરાત્રીએ શ્રીમહાપ્રભુજીને દોષવંત જીવોના ઉધ્ધારની ચિંતા થઈ ત્યારે શ્રીમદ્ ગોકુળમાં, ગોવિંદઘાટ ઉપર કરોડો ચંદ્રના પ્રકાશને પણ અજવાળે એવા પૂર્ણ જ્યોતિર્મય સ્વરૂપે શ્રી ગોકુલચંદ્રમાજી પ્રગટ થયા. તેમણે નિજ સેવક શ્રી વલ્લભને આજ્ઞા કરી "બ્રમ્હસંબંધ કરણાત્ સર્વેષાં દેહજીવયોઃ સર્વદોષનિવૃતિર્હિ.....!" જે શ્રી મહાપ્રભુજીએ શબ્દશઃ સિધ્દાંત રહસ્ય ગ્રંથમાં કહી છે. શ્રીમદ્વલ્લભાચાર્ય સ્વહસ્તેથી સિદદ કરી

ગો.વા.પ.ભ. અમૃતલાલ કુરાણી નાગપુરવાળાના જયશ્રી કૃષ્ણ

રાખેલું સૂતરનું પવિત્રા ધારણ કરાવી મિશ્રી ભોગ ધર્યો. શ્રી મધુરેશ પ્રભુની મધુરાષ્ટક દ્વારા સ્તુતિ કરી. શ્રી વલ્લભ સમક્ષ પ્રગટ થયેલ શ્રી ઠાકુરજીનું સ્વરૂપ કેવું હતું? આપશ્રી દેવાંશી હતા. તેથી શ્રીકૃષ્ણની રૂપ માધુરી, ગુણ માધુરી, વેણુ માધુરી અને લીલા માધુરીને આવરી લે એ રીતે શ્રી ગોકુલચંદ્રમાજીના સ્વરૂપનું વર્ણન કરતી સ્તુતિ કરી. આપશ્રીના શ્રીમુખમાંથી શબ્દો સર્યા.

અધરં મધુરં......મધુરાધિપતિ રખિલં મધુરમ્ અને એ રીતે રચાઈ ગયું મધુરાષ્ટકમ્

મધુરા એટલે શ્રીમદ્ રાધારાણી અને મધુરા એટલે અધર સુધા; રાધાજી અને રાધાજીની અધરસુધા એ બન્નેના અધિપતિ એટલે મધુરાધિપતિ. શ્રી કૃષ્ણનું પ્રાકટય શ્રીમદ્ રાધાની અધર સુધાનું પાન કરવા માટે જ થયું હતું મધુરાના મધુર પતિના મધુર સ્વરૂપનું અનુભવજન્ય વર્ણન એટલે મધુરાષ્ટક.

શ્રી મધુરાધિપતે રખિલં મધુરમ્ એ મધુરાષ્ટકનું ધ્રુવપદ છે. મધુરાષ્ટકનો સંપુર્ણ સાર એમાં આવી જાય છે. શ્રી રાધાજીની મધુર અધરસુધાના અધિપતિ જે શ્રી ઠાકુરજી છે તેમનું સર્વાંગ સુંદર છે.

શ્રી ગોપીજનોએ જે જે રસાત્મક સ્વરૂપનો અનુભવ કરેલો. તેનો તેઓ નિજ વિરહાવસ્થામાં ફરી અનુભવ કરે છે. શ્રી મહાપ્રભુજી ગોપીજનોના ભાવનું સ્મરણ કરી પ્રભુના સ્વરૂપ તથા લીલાનું મધુર ભાવે વર્ણન કરે છે. તેમનું માનસ કૃષ્ણ રસવિક્ષિપ્ત થઈ ગયું છે. સ્વામીનીજી સ્વરૂપ શ્રીવલ્લભના હદયમાંથી રસોવૈસઃ એવા રસાત્મક કૃષ્ણની રસમયતા વ્યકત થઈ છે. તેમણે અખિલં મધુરમ્ કહી શ્રી ઠાકુરજીના સર્વ ભાવનું અને પછી એક એક અંગની મધુરતાનું વર્ણન કર્યુ છે. મધુરાષ્ટકનું માધુર્ય તો વિદ્વદ મધુપો જ સરસ રીતે ચાખી શકે છે.

અ. સૌ. સ્વ. તારાબેન કુરાણી નાગપુરવાળાના જય શ્રીકૃષ્ણ

શ્રી મધુરાષ્ટકમ્

અધરં મધુરં વદનં મધુરં નયનં મધુરં હસિતં મધુરમ્ ।
હૃદયં મધુરં ગમનં મધુરં મધુરાધિપતેરખિલં મધુરમ્ ॥૧॥

વચનં મધુરં ચરિતં મધુરં વસનં મધુરં વલિતં મધુરમ્ ।
ચલિતં મધુરં ભ્રમિતં મધુરં મધુરાધિપતેરખિલં મધુરમ્ ॥૨॥

વેણુર્મધુરો રેણુર્મધુરઃ પાણિર્મધુરઃ પાદૌ મધુરૌ ।
નૃત્યં મધુરં સખ્યં મધુરં મધુરાધિપતેરખિલં મધુરમ્ ॥૩॥

ગીતં મધુરં પીતં મધુરં ભુકતં મધુરં સુપ્તં મધુરમ્ ।
રૂપં મધુરં તિલકં મધુરં મધુરાધિપતેરખિલં મધુરમ્ ॥૪॥

કરણં મધુરં તરણં મધુરં હરણં મધુરં રમણં મધુરમ્ ।
વમિતં મધુરં શમિતં મધુરં મધુરાધિપતેરખિલં મધુરમ્ ॥૫॥

ગુંજા મધુરા માલા મધુરા યમુના મધુરા વીચી મધુરા ।
સલિલં મધુરં કમલં મધુરં મધુરાધિપતેરખિલં મધુરમ્ ॥૬॥

ગોપી મધુરા લીલા મધુરા યુકતં મધુરં ભુકતં મધુરમ્ ।
દૃષ્ટં મધુરં શિષ્ટં મધુરં મધુરાધિપતેરખિલં મધુરમ્ ॥૭॥

ગોપા મધુરા ગાવો મધુરા યષ્ટિર્મધુરા સૃષ્ટિ ર્મધુરા ।
દલિતં મધુરં ફલિતં મધુરં મધુરાધિપતેરખિલં મધુરમ્ ॥૮॥

॥ ઈતિ શ્રી વલ્લભાચાર્યવિરચિતં "શ્રી મધુરાષ્ટકમ્" સમાપ્તમ્ ॥

ગો.વા.પ.ભ. અમૃતલાલ કુરાણી નાગપુરવાળાના જયશ્રી કૃષ્ણ

પરમ પુજ્ય ૧૦૮ શ્રી અ. સૌ. કાલિંદી બેટીજી
મહોદયા (અમદાવાદ) ની આજ્ઞાથી

શ્રી વલ્લભ ચરણાનુરાગી



અમૃતલાલ કુરાણી (ગોપીજન) નાં
શ્રી ચરણોમાં સદૈવ્ય પ્રણામ

મુકિત કહે વલ્લભ સો મેરી મુકિત બતાઈ ।
વ્રજ રજ ઉડી મસ્તક લગે મુકિત મુકત હો જાય ।।

ગો.વા.પ.ભ. અમૃતલાલ રૂગનાથ કુરાણી
જન્મ : ૬/૨/૧૯૧૯
ગોલોકવાસ : ૨૩/૪/૧૯૯૮
ચૈત્ર વદ - ૧૧

શ્રી મહાપ્રભુજીનો ઉત્સવ – ચૈત્ર વદ – ૧૧

શ્રીમદ્ વલ્લભાચાર્યજી શ્રી મહાપ્રભુજી



"ભલે પ્રગટયા શ્રી વલ્લભદેવ"

મારા ઘરમાં બિરાજતા શ્રીનાથજી શ્રીયમુનાજી શ્રીમહાપ્રભુજી
મે તો ચીતડું શ્રીનાથજીને ચરણે ધર્યુ જીવન સફળ કર્યુ



ગો. વા. અ. સૌ. તારાબાના સેવ્ય સ્વરૂપ શ્રી યમુનાજી

अधरं मधुरं
वदनं मधुरं
नयनं मधुरं
हसितं मधुरं
हृदयं मधुरं
गमनं मधुरं

मधुराधिपतेरखिलं मधुरम्

૧.૧ અધરં મધુરં

શ્રી મહાપ્રભુજીને ગોવિંદઘાટ પર ગોકુલચંદ્રમાજીના દર્શન થતાં, પ્રથમ આપશ્રીની દૃષ્ટી બીંબાફળને શરમાવે એવા પ્રભુના અરૂણ અધરો પર પડી. સ્વામીનીજી સ્વરૂપ મહાપ્રભુજી અધરામૃતનું પાન કરી દેહાનુસંધાન ભૂલી જાય છે.

માધુર્યની સીમા ઓળંગી ગયેલા શ્રી મહાપ્રભુજી વિચારે છે. "અધરની શોભા જોવા માત્રથી આટલું સુખ, આનંદ મળતા હોય તો અધર રસનું પાન કરતાં કેટલો આનંદ મળે? લાવ, હું પણ એ અવર્ણનીય અમૃત રસનો સ્વાદ ચાખી લઉં" – પ્રેમોન્મત બનેલા શ્રી મહાપ્રભુજીએ શ્રીજીનો શૃંગાર કરતા કરતા ઠાકુરજીના અધર ચુમી લીધા હશે. અધરામૃતનો સ્વાદ ચાખી આપશ્રીથી બોલી જવાયું હશે "અધરં મધુરં".

१.१ अधरं मधुरं

जगतगुरु श्री महाप्रभुजीने गोविंदघाट पर गोकुलचंद्रमाजी के दर्शन किये। प्रथम आपश्री की दृष्टी, बींबाफळ भी लज्जीत होता है, ऐसे अरुण अधरो पर स्थिर हो गयी। स्वामिनीजी स्वरुप श्री महाप्रभुजी अधरामृत पान कर देहनुसंधान से परे हो गये।

माधुर्य की सीमा लांधकर श्री महाप्रभुजी सोचते है – "अधर की शोभा देखने से इतना सुख, आनंद मिलता है तो अधर रसका पान करने से कितना आनन्द मिलेगा, क्यों ना मे भी इस अवर्णनीय अमृत रस का पान करु" – प्रेमोत्मत बने हुए श्री महाप्रभुजीने श्रीजीका श्रृंगार करते करते अधर चुम लिए होंगे। अधरामृत का स्वाद लेकर आपश्री बोल उठे होंगे – "अधरं मधुरं।".

અ. સૌ. સ્વ. તારાબેન કુરાણી નાગપુરવાળાના જય શ્રીકૃષ્ણ



અધરં મધુરં

ગો. વા. પ. ભ. અમૃતલાલ કુરાણી (નાગપુરવાળા) ના જય શ્રીકૃષ્ણ

૧.૨ વદનં મધુરં

શ્રી મહાપ્રભુજી દોષવંત જીવોના ઉદ્ધાર માટે ચિંતન કરતા હતા. ત્યારે કોટીકંદર્પ લાવણ્યયુકત સાક્ષાત મન્મથને ચલિત કરનારા પ્રભુ પ્રગટ થયા. તેમણે આજ્ઞા કરી કે આપ દૈવી જીવોને બ્રમ્હસંબંધ કરાવો. તેનો હુ અવશ્ય અંગીકાર કરીશ. શ્રી ઠાકુરજીનું વદન એટલું તેજોમય અને દૈદિપ્યમાન છે કે પ્રથમ દૃષ્ટિએ તે તેજપુંજ ભાસે છે. આવું અદ્ભુત લાવણ્યયુકત શ્રીવદન નીરખીને ભકતજનો વિવશ બની જાય છે. આપશ્રી પણ મુખકમળના દર્શન કરીને બરબસ બોલી ઊઠે છે "વદનં મધુરમ".

१.२ वदनं मधुरं

श्री महाप्रभुजी दोषावंत जीव के उध्धार के लिए चिंतन कर रहे थे। तब कोटी कंदर्प लावण्ययुक्त साक्षात मन्मथ को भी चलित करने वाले प्रभु प्रगट हुए। उन्होंने श्री महाप्रभुजी को आज्ञा प्रदान की "आप दैवी जीवो को बम्हसम्बन्ध प्रदान करे, मे उनको अवश्य अंगीकार करुंगा।" श्री ठाकुरजीका वदन इतना तेजोमय और दैदिप्यमान है कि प्रथम दृष्टी में तेजपुंज का भास होता है। ऐसा अद्भूत लावण्ययुक्त श्रीवदन देखकर भक्तजन बेबस हो जाते है। आपश्री भी प्रभु के मुखकमल का दर्शन कर बोल उठते है "वदनं मधुरं"।

અ. સૌ. સ્વ. તારાબેન કુરાણી નાગપુરવાળાના જય શ્રીકૃષ્ણ



વંદનં મધુરં

ગો. વા. પ. ભ. અમૃતલાલ કુરાણી (નાગપુરવાળા) ના જય શ્રીકૃષ્ણ

૧.૩ નયનં મધુરં

"અમલ કમલ દલ લોચન" શ્રી ઠાકુરજીનાં નયનોમાં માધુર્યનો સાગર છલકાઈ રહ્યો છે. શ્રી ઠાકુરજી ચંચળ નયનો વડે શ્રીસ્વામીનીજીના મુખકમળને જુએ છે, ત્યારે તે ચકિત બનીને એકીટશે તેના તરફ જોયા કરે છે. જેવી રીતે ભ્રમર કમલરસનું પાન કરે છે. તેમ ઠાકુરજીના નયનોરૂપી ભ્રમર સ્વામીનીજીના મુખકમળ રસનું પાન કરે છે. શ્રી મહાપ્રભુજી કહે છે "નયનં મધુરં".

१.३ नयनं मधुरं

"अमल कमल दल लोचन" श्री ठाकुरजी के नयनो में माधुर्य का सागर छलक रहा है। श्री ठाकुरजी के रसपान को आतुर, निर्मळ सजग, मधुर चंचल नयन श्री स्वामीनीजी के मुखकमल पर स्थिर हो जाते है। श्री ठाकुरजी स्वामीनीजी के मुख को अपलक निहारते है, मानो रस लोलुप भ्रमर कमल रस का पान कर रहा है। श्री स्वामिनीजी, श्री महाप्रभुजी तरंगयित होती हुई अनुभव करती है, कि श्री ठाकुरजी के नयनरुपी भ्रमर उनके मुखकमल का निर्मल सात्विक भाव से रस पान कर रहे है, श्री महाप्रभुजी आनन्द विभोर हो कहते है – "नयनं मधुरं"

અ. સૌ. સ્વ. તારાબેન કુરાણી નાગપુરવાળાના જય શ્રીકૃષ્ણ



નયનં મધુરં

ગો. વા. પ. ભ. અમૃતલાલ કુસાણી (નાગપુરવાળા) ના જય શ્રીકૃષ્ણ

૧.૪ હસિતં મધુરં

તનક સે અધર, તનક સી દતિયાં, તનક હસત હરિ લેત સબન મન. આ મધુર સ્મિતથી પ્રભુ સૌના મન હરી લે છે. કનૈયાએ અનેક બાળલીલાઓ કરી. વ્રજજનોના મનમાં અહોભાવ ન પ્રગટે અને મુગ્ધ પ્રેમમાં ઓટ ન આવે એટલા માટે પ્રત્યેક લીલાને અંતે કનૈયો રસમય મધુરૂં હાસ્ય કરતો. એ મધુર હાસ્યની મોહિનીમાં ફસાઈને વ્રજજનો કૃષ્ણને બાળક સમજી પ્રેમની વર્ષા કરતા. ઠાકુરજીનું એ હાસ્ય માધુર્ય રસનું પોષક બનતું. તેથી જ શ્રી મદાચાર્યચરણ કહે છે "હસિતં મધુરં".

१.४ हसितं मधुरं

तनक से अधर, तनक सी दंतिया, तनक हसत हरि लेत सबन मन। श्री प्रभुजी का स्मित–मधुर मुस्कान समस्त जन का मन हर लेने मे समर्थ है। प्रभु बालकृष्णजी ने अनेक बाललीलाएं की। बजवासियों के मनमें अहोभाव उत्पन्न न हो और मुग्ध प्रेममें व्यवधान, बाधा न आ सके, तो परिणामतः प्रत्येक लीला के अन्त मे बालस्वरुप श्रीकृष्णजी भोलेपन सह मधुर हास्यका रसमय गंधकी तरंगमयी लहरो मे ऐसी मोहिनी सन्निहित रहती कि समस्त व्रजजन बालकृष्ण को बालक समज सबकुछ विस्मृत कर प्रेममग्न हो जाते। श्री ठाकुरजीका श्री बालकृष्णलालजी का हास्य माधुर्य भाव का पोषक बनता हुआ समस्त व्रजजन को रसमग्न कर देता। महाप्रभुजी आचार्य श्री सहज भाव से कहते है – "हसितं मधुरं।"

હસિતં મધુરં

ગો. વા. પ. ભ. અમૃતલાલ કુરાણી (નાગપુરવાળા) ના જય શ્રીકૃષ્ણ

૧.૫ હૃદયં મધુરં

રાસપંચાધ્યાયીમાં વેણુનાદ સાંભળી ગોપીઓ દોડી આવી ને માન થતાં પ્રભુ અંતધ્ર્યાન થયા. વ્રજભકતોનું અભિમાન (અહમ્) દૂર થયુ. તેઓ ઠાકુરજીના વિરહમાં કાતરં બની રોઈ પડે છે. કોમળ હૃદયવાળા ઠાકુરજી તેમની આર્તી અર્થાત વિરહ કાતરતા જોઈ ન શકતા પ્રકટ થાય છે ને મહારાસ કરી તેમને અલૌકિક આનંદ આપી તેમના મનોરથ પૂરા કર્યા. આવા કોમળ હૃદયવાળા ઠાકુરજીનો અનુભવ પુનઃ પુનઃ પ્રગટ થતા શ્રી મહાપ્રભુજી કહે છે "હૃદયં મધુરં".

१.५ हृदयं मधुरं

रासपंचाध्यायी के समय वेणु की मधुरतम स्वर तहरी के गुंजायमान होते ही गोपियॉ स्वर लहरी के प्रवाह के सह अनबुझे, अनकहे – खींची आई। प्रभुने जब गोपियो का मानानुभाव किया तो अन्तर्ध्यान हो गये। व्रजभक्तो का तदर्भ अभिमान भंग हो गया। समस्त व्रजभक्त ठाकुरजी के विरह में दग्ध होने लगे। उनकी कातरता रुदन मे परिवर्तित हो गई तथा सात्विक भाव से पुष्ट ठाकुरजी का कोमल सहृदय उनके आर्तनाद अस्तु विरह कातरता से अभिभूत हो प्रगट हो गये। तदनुसार श्री ठाकुरजीने अलौकिक महारास लीला नृत्य रचा कर उन्हे आनन्द मय करते हुए मनोरथ सिध्द किया। श्रीठाकुरजी के कोमल सहदय का निरन्तर अनुभव प्राप्ति से, श्री आचार्य महाप्रभुजी कहते है "हृदय मधुरं"।

અ. સૌ. સ્વ. તારાબેન કુરાણી નાગપુરવાળાના જય શ્રીકૃષ્ણ



હૃદયં મધુરં

ગો. વા. પ. ભ. અમૃતલાલ કુરાણી (નાગપુરવાળા) ના જય શ્રીકૃષ્ણ

૧.૬ ગમનં મધુરં

શ્રી ઠાકુરજી નિકુંજમાંથી સ્વામીનીજી સાથે પરસ્પર ગળામાં હાથ નાખી ધીમે ધીમે ગમન કરે છે. ત્યારે બન્ને સ્વરૂપને મનમાં આનંદ થાય છે. અહીં ઋતુને બંધન નથી. પ્રભુની સેવામાં સદા સર્વદા તત્પર રહે છે. ખંડિતા નાયિકા અનેક કટાક્ષયુકત વચનો કહે છે. ત્યારે ઠાકુરજી ખંડિતા નાયિકાના મંદ મુસ્કુરાહટથી કટાક્ષ ટાળતા મંથર ગતિથી ગમન કરે છે. ઠાકુરજીનું આવું મધુર ગમન જોઈને શ્રી મહાપ્રભુજી કહે છે. "ગમનં મધુરં".

१.६ गमनं मधुरं

श्री ठाकुरजी निकुंज में श्री स्वामीनीजी सह विहारानन्दमय है। परस्पर गलबॉही किये मन्थर गति से गमन कर रहे है। उनके दोनो स्वरुप हदयानंद से परिपुष्ट है। वहॉ ऋतु का बन्धनही नहि है। प्रभुजी की सेवामें निरन्तर – सदा सर्वदा स्वामीनीजी तत्पर है। खंडिता नायिका अनेक कटाक्षयुक्त वाणिमय संवाद करती है। उससे श्री ठाकुरजी खंडिता नायिका के कटाक्षमय क्रमो को मंद मंद मुस्कुराहट से तराबोर करते हुए मन्थरगति से डोलते हुए पदचाप करते है – गमन करते है। श्री ठाकुरजी का एसा रम्य, आनन्ददायी गमन दृष्टिगत कर श्री महाप्रभुजी का अन्तरंग ध्वनित कर उठता है – "गमन मधुरं"।

અ. સૌ. સ્વ. તારાબેન કુરાણી નાગપુરવાળાના જય શ્રીકૃષ્ણ

ગમનં મધુરં

મધુરાધિપતેરખિલં મધુરમ્

ગો. વા. પ. ભ. અમૃતલાલ કુરાણી (નાગપુરવાળા) ના જય શ્રીકૃષ્ણ

वचनं मधुरं
चरितं मधुरं
वसनं मधुरं
वलितं मधुरं
चलितं मधुरं
भ्रमितं मधुरं

मधुराधिपतेरखिलं
मधुरम



૨.૨ ચરિતં મધુરં

શ્રી ઠાકુરજીના બાલચરિત્રો અનંત છે. શ્રી હસ્તમાં નવનીત લઈ તેઓ શ્રી નંદરાયજીના આંગણામાં ઘુંટણીએ પડી ચાલે છે. તે જોઈ શ્રી નંદરાયજી અને શ્રી યશોદાજી પરમ સુખ પામે છે. ચંદ્રાવલી સ્વરૂપા શ્રીમત્ પ્રભુચરણ શ્રી વિઠ્ઠલેશ્વરજી 'ચરિતં મધુરમં' નો આવો મધુર અર્થ સમજાવે છે. ને નિજ પિતૃચરણના સૂરમાં સૂર પરોવી પોકારી ઊઠે છે. 'સ્વામી, અત્યંત મધુર છે તવ ચરિત'

२.२ चरितं मधुरं

श्री ठाकुरजी की बाल लीलाए अनन्त है। श्री हस्त में नवनीत लिए श्री नन्दराय जी के आंगन में घुटनो के बल सरकते है। उनकी यह अनुपम क्रिया कलाप से श्री नन्दराय जी और यशोदाजी मुग्धावस्था को प्राप्त होते है तथा परमान्दमय हो जाते है। चंद्रावली स्वरुप श्रीमत् प्रभुचरण श्री विट्ठलेश्वरजी 'चरितं मधुरं' का, अनुपम एवं अलौकिक मर्म समझाते है। निज पितृचरण में लीन हो, सूर मे सूर समाहित कर आनन्दातिरेक मे बोल उठे – "स्वामि, अत्यंत मधुर है तव चरितं"

અ. સૌ. સ્વ. તારાબેન કુરાણી નાગપુરવાળાના જય શ્રીકૃષ્ણ



ચરિતં મધુરં

ગો. વા. પ. ભ. અમૃતલાલ કુરાણી (નાગપુરવાળા) ના જય શ્રીકૃષ્ણ

૨.૩ વસનં મધુરં

નંદાલયના પ્રાંગણમાં રીંગણલીલા કરતા શ્રી બાલકૃષ્ણના શરીર ઉપર શોભતા સોનેરી કિનારના લાલ, કેશરી કે સફેદ અથવા સોનેરી વાઘાની મધુરતા કયાં ઓછી છે? આપશ્રીના મસ્તક પર શોભતો પટકો પણ આપશ્રીની શોભામાં ચાર ચાંદ લગાવે છે. સાચે જ મધુરાપતિના વસ્ત્રો મધુર છે. માટે વસનં મધુરં.

પુષ્ટિ માર્ગીય પરંપરામાં વૈષ્ણવો ઠાકુરજી આગળ વસ્ત્રો અંગીકાર કરાવી પ્રસાદી રૂપ વસ્ત્રો લે છે. ઠાકરજીને નિત્યક્રમ અને ઉત્સવ અનુસાર વસ્ત્રો ધરાવાય છે

२.३ वसनं मधुरं

श्री नन्दालयजी के प्रांगण में श्री बालकृष्णजी बाल प्रभु रींगणलीला कर रहे है। बाल रुप का कोमल गात सोनेरी और रुपेरी किनारी के लाल, केशरी एवं श्वेत वस्त्रो की शोभा के माधुर्य का क्या कहना ? उनकी अनुपम छटा ओछी कैसे होगी ? अस्तु न्यूनता उद्भव हो ही नही सकती। आपश्री के मस्तक पर शोभायमान पट भी श्री जी की शोभा को अव्दितीय कर रहा है – चार चांद लगा रहा है। धन्य है, सत्य है, वास्तव में मधुराधिपती के वस्त्र भी मधुर ही है। तदर्थ श्री ठाकुरजी के "वसनं मधुरं"

पुष्टी मार्गीय परंपरा में वैष्णवजन ठाकुरजी के सन्मुख वस्त्र संगीकार कराने के बाद प्रसादी रुप वस्त्र लेते है। नित्यक्रम और उत्सव अनुसार ठाकुरजी को वस्त्र धराये जाते है।

અ. સૌ. સ્વ. તારાબેન કુરાણી નાગપુરવાળાના જય શ્રીકૃષ્ણ



વસનં મધુરં

ગો. વા. પ. ભ. અમૃતલાલ કુરાણી (નાગપુરવાળા) ના જય શ્રીકૃષ્ણ

૨.૪ વલિતં મધુરં

"આવો હે મહાભાગ્યશાળી વ્રજાંગનાઓ" કહી ગોપીજનોનું સ્વાગત કરનારો એજ કૃષ્ણ થોડીવારમાં જ કહે છે "પાછા જાઓ" એ વલિત ભાવની પરાકાષ્ઠારૂપ છે. આ શબ્ધો દ્વારા ગોપીજનોના મનનો નિરોધ થાય છે. પરિણામ અમૃત જેવું મધુર છે. આવી પ્રભુની વક્રરીત વિચારીને શ્રી મહાપ્રભુજી બોલી ઊઠે છે "વલિતં મધુરં"

२.४ वलितं मधुरं

"आओ हे महाभाग्यशाली ब्रजांगनाए" जिनके आनन्द से समस्त जन, देवादि ईर्षा करते है। गोपीजनों का श्री बालकृष्णलाल स्वागत करते है, अपार, स्नेह करते थे। वे ही बालकृष्ण उन्हे कहते है -- "लौट जाओ"। यह वलित भावना की अद्भूत पराकाष्ठा ही है। ऐसे अद्भूत वचनो के माध्यम से गोपीजनों के मन का निरोध सम्पन्न होता है। मन का निरोध अमृत सदृश मधुर है। ऐसी प्रभुजी की वक्ररीति का विचार करते हुए श्री आचार्य श्री महाप्रभुजी आत्मा के आनन्द से पुष्ट होते हुए वाणी से निस्तृत करते हैं – "वलितं मधुरं"

અ. સૌ. સ્વ. તારાબેન કુરાણી નાગપુરવાળાના જય શ્રીકૃષ્ણ



વલિતં મધુરં

ગો. વા. પ. ભ. અમૃતલાલ કુરાણી (નાગપુરવાળા) ના જય શ્રીકૃષ્ણ

૨.૫ ચલિતં મધુરં

આપશ્રીના કાન પર આ શબ્દો અથડાય છે, "વૃંદારણ્યં સ્વપદ રમણં પ્રાવિશત" – ગો, ગોપ સાથે વૃદાવનમાં પ્રવેશતા નટવરને આપશ્રી જુએ છે. કેવી મનોહર ચાલ છે એની. ગોપબાળકોના કદમ સાથે કદમ મિલાવી નિજ અધરના અમૃત વડે વેણુના છિદ્રોને પુરતા તેઓ નટની માફક ચાલી રહયા છે. પ્રભુની આવી સુંદર મધુર ચાલ જોઈને આપશ્રી કહે છે "ચલિતં મધુરં".

२.५ चलितं मधुरं

आप श्री के ज्ञान की महिमा अपार है। "वृंदारण्यं स्वपद रमणं प्राविशत" – माधुर्यपूर्ण शब्द कर्णोमें गुंजारित होते है। गो, गोपसहित श्री नटवरलालजी को आप श्री प्रवेश करते हुए दर्शन करते है। उनकी अनुपम मनमोहिनी पद थाप से मुग्ध हो जाते है। गोप बालको के साथ कदम से कदम मिलाते हुए, निज अधरो से वेणु के छिद्रो अमृत रस का संचार करते हुए, नट सदृश चल रहे है। प्रभुजी की आनन्ददायी एवं माधुर्यमयी चाल को दृष्टिगत कर आपश्री आनन्दविभोर हो कहते है – चलितं मधुरं।

અ. સૌ. સ્વ. તારાબેન કુરાણી નાગપુરવાળાના જય શ્રીકૃષ્ણ



ચલિતં મધુરં

ગો. વા. પ. ભ. અમૃતલાલ કુરાણી (નાગપુરવાળા) ના જય શ્રીકૃષ્ણ

૨.૬ ભ્રમિતં મધુરં

"મૈયા મૈને માટી નહીં ખાઈ" કનૈયાએ આ વચનો માતા જશોદાને કહ્યા ને એના સમર્થનમાં પોતાનું મુખકમળ ખોલ્યુ. ત્યારે તેના મુખમાં માટીની જગ્યાએ માતા જશોદાને તેમાં સચરાચર જીવો, બાહયાવકાશ અને બધી દિશાઓ તથા બ્રહ્માંડના સમસ્ત ગ્રહમંડળોના દર્શન થયા. તે જોઈ માતાજીને ભ્રમ થયો કે આ તે મારો પુત્રછેકે કોઈ અલૌકિક તત્વ છે. માતા પોતાને અહોભાવથી જોશે, એવું લાગતા કનૈયાએ વિશ્વમોહક હાસ્યથી ભ્રમનું નિવારણ કર્યુ. તેથી શ્રી મહાપ્રભુજી કહે છે "ભ્રમિતં મધુરં"

२.६ भ्रमितं मधुरं

"मैया मै माटी नहि खाई है।" आनन्द कंद बालस्वरुप श्री कृष्णजी ने बाल क्रिडा करते हुए माता यशोदा को अत्यन्त सहज भाव से मधुर वाणि में कहते हुए, अपना मुखकमल, में सत्य कह रहा हू, सिध्द करने हेतु खोला। बालकृष्ण के मुख खोलते ही माता यशोदा को माटी के स्थान पर समस्त सचराचर दृष्टिगत हुआ। बाहयावकाश, समस्त दिगदिगन्त (दिशाएॅ) तथा ब्रम्हांड, ग्रह मंडलो के दर्शन हुये। मुख में समस्त ब्रम्हांड के दर्शन करते ही माता यशोदाजी को भ्रम हुआ कि यह मेरा पुत्र है या कोई अलौकिक तत्व है। माता पुत्रको अहोभावमय होकर देखने लगती है। यह समझकर प्रभुने विश्वमोहक हास्य से भ्रमका निवारण किया। श्री महाप्रभुजी कहते है "भ्रमितं मधुरं"।

અ. સૌ. સ્વ. તારાબેન કુરાણી નાગપુરવાળાના જય શ્રીકૃષ્ણ



ભ્રમિતં મધુરં

મધુરાધિપતેરખિલં મધુરમ્

ગો. વા. પ. ભ. અમૃતલાલ કુરાણી (નાગપુરવાળા) ના જય શ્રીકૃષ્ણ

वेणुर्मधुरो
रेणुर्मधुरः
पाणिर्मधुरः
पादौ मधुरौ
नृत्यं मधुरं
सख्यं मधुरं

मधुराधिपतेरखिलं मधुरम्



૩.૧ વેણુ ર્મધુરો

સૌ કોઈ પોતપોતાના અધિકાર પ્રમાણે વ્રજેશની વેણુનાદનો રસભોગ કરે છે. તે એવી રીતે કે વેણુગીતમાં વેણુનાદ સાંભળીને ગાયો પોતાના કાન ઊંચા કરી તેના વ્દારા તેનો રસ પીએ છે. વેણુનાદ સાંભળી વૃક્ષોમાંથી મધુની ધારા વહી નીકળે છે. શ્રી ગોવર્ધન આનંદથી દ્રવી જાય છે. સૂર્ય, ચંદ્ર આદિ દેવ, દેવાંગનાઓ મોહિત થઈ જાય છે. પશુ, પક્ષી સૌ મૌન બની વેણુરસનો આસ્વાદ માણે છે. ગોપીજનોને પૂર્ણાંશે રસભોગ કરાવે છે અને તેમના હદયમાં ભાવરૂપી રત્નોનું પ્રાકટય થાય છે. આ સુમધુર કાર્ય જોઈને શ્રી મહાપ્રભુજી બોલી ઊઠે છે "વેણુ ર્મધુરો".

३.१ वेणु र्मधुरो

श्री बजेशजी का वेणुनाद समस्त चराचर को, उनकी सामर्थ्यानुसार मंत्रमुग्ध कर देता है। चराचर के जड–चेतन सभी वेणुनाद का रसानंद लेते है और रसानन्द सागर में गोते लगाने लगते है। वेणुगीत का श्रवण कर गौएँ कान उँचे कर, मधुर तान का रसपान करती है। वेणुनाद की तरंगो को ग्रहण कर वृक्ष मधु की धारा प्रवाहित करते है। श्री गोवर्धन आनन्दमग्न हो द्रवित होता है। सूर्य, चंद्र आदि देव, देवांगनाए वेणूनाद की तरंगो से सुधबुध से परे हो स्थिर हो जाते है। पशु – पक्षी आदि वेणुनाद की तरंगो को श्रवण करते ही, उसमें इतने निमग्न हो जाते है कि अपनी समस्त क्रियाएं विस्मृत कर देते है। गोपीजन वेणुनाद की स्वर लहरियो में पूर्णरुपेण रसमग्न हो जाते है तथा हदय सागर भावरुपी रत्नो से सम्पन्न हो जाता है। वेणुनाद का ऐसा अनुपम और माधुर्यमय क्रम दृष्टिगत करते ही श्री महाप्रभुजी के मुखारविंद से वाणी निसृत होती है – "वेणु र्मधुरो"।

અ. સૌ. સ્વ. તારાબેન કુરાણી નાગપુરવાળાના જય શ્રીકૃષ્ણ



વેણુર્મધુરો

ગો. વા. પ. ભ. અમૃતલાલ કુરાણી (નાગપુરવાળા) ના જય શ્રીકૃષ્ણ

૩.૨ રેણુ ર્મધુર :

શ્રી રાસપંચાધ્યાયીમાં શ્રી ઠાકુરજી ગોપીજનો વચ્ચેથી અંતર્ધ્યાન થયા, ત્યારે વ્રજભકતો એમને શોધવા નીકળ્યા શોધતા શોધતા પ્રભુના ચરણકમલ ચિહ્નના દર્શન થયા. તેઓ સૌ તે ચિહ્નને વંદન કરવા લાગ્યા. ત્યાની રજને ઉપાડી મસ્તક ઉપર ધારણ કરવા લાગ્યા. શ્રી ઠાકુરજીની મહામધુર ચરણરજના સ્પર્શથી તેમના હૃદયમાં થયેલ રસ નિષ્પતિને કારણે તેમના હૃદયમાં સ્થિત રસાધિપતિ શ્રી કૃષ્ણ બહાર પ્રગટ થયા. આવી મધુર, આનંદદાયક ચરણકમળની રેણુનો રસાનુભવ કરી શ્રી મહાપ્રભુજી બોલી ઊઠે છે, "રેણુ ર્મધુરઃ".

३.२ रेणु र्मधुर :

श्री रासपंचाध्यायी में श्री ठाकुरजी गोपीजनो के बीच से अंतर्ध्यान होते है, तब सभी व्रजभक्त उनको ढूंढने नीकलते है। ढूंढते ढूंढते प्रभू के चरणकमल चिन्ह के दर्शन होते है। इन चिन्होको देख उसे प्रणाम कर रेणु को मस्तक पर धारण करने लगे। श्री ठाकुरजी की चरणरज के स्पर्श से उनके हदयमें स्थित रसाधिपती श्री कृष्ण बाहर प्रगट हुए। ऐसी मधुर आनन्ददायक चरण कमल की रेणुका रसानुभव कर श्री महाप्रभुजी बोल उठे "रेणु र्मधुरः"।

અ. સૌ. સ્વ. તારાબેન કુરાણી નાગપુરવાળાના જય શ્રીકૃષ્ણ



રેણુર્મધુરઃ

ગો. વા. પ. ભ. અમૃતલાલ કુરાણી (નાગપુરવાળા) ના જય શ્રીકૃષ્ણ

૩.૩ પાણિ ર્મધુરઃ

શ્રી ગોવર્ધનધારીના શ્રી હસ્ત કેવળ શ્રી ગોવર્ધનનેજ ધારણ કરતા નથી. તે તો નાજુક મધુરી વેણુને પણ ધારણ કરે છે. વેણુના ભારથી લચી પડતા શ્રીજીના કોમળ હાથની દયા ખાતા 'એક પ્રાણ દોઊ દેહ' શ્રીજીના સખી શ્રી રાધારાણી શ્રીજીની વેણુને પોતાના કરકમળ વડે ટેકવી રાખે છે. જેથી શ્રી વેણુરવની મધુરતાથી દેહભાન ભૂલી કદાચ શ્રીજીનો હસ્ત વેણુને છોડી ન દે. યુગલસ્વરૂપને જોઈ શ્રી વલ્લભ કહે છે "પાણિ ર્મધુર :".

३.३ पाणि र्मधुर :

श्री गोवर्धनधारी के श्री हस्त केवल श्री गोवर्धन को ही धारण नहीं करते है। वे तो अपने करो में काष्ठ की छिद्रमयी वेणु भी धारण करते है जो अत्यंत हलकी और कोमल है। उसके बिना उनका एक पल भी नहीं बीत सकता। कारण उसके ही नाद से वे समस्त चराचर को मोहित करने मे समर्थ हैं। श्रीजी के कोमल हस्त की दया ख़ाते हुए 'एक प्राण दो देह' श्री कन्हैया की सखी राधाराणी श्रीजी की वेंणु स्वयं के करकमलो में स्नेह से रखे है, देखती है कि कहीं श्री वेणुरव की मधुरता से देहभान खो कर श्री जी के हस्त वेणू छोड न दे। श्री वल्लभ युगलस्वरुप के ऐसे भाव पर मुग्ध होकर कहते है – पाणि र्मधुरः।

અ. સૌ. સ્વ. તારાબેન કુરાણી નાગપુરવાળાના જય શ્રીકૃષ્ણ



પાણિર્મધુરઃ

ગો. વા. પ. ભ. અમૃતલાલ કુરાણી (નાગપુરવાળા) ના જય શ્રીકૃષ્ણ

૩.૪ પાદૌ મધુરો

વસુદેવજી ભગવાનને મથુરાથી ગોકુળ લઈ જતા હતા. ત્યારે પોતાના સ્વામીના ચરણસ્પર્શ કરવા ચતુર્થપ્રિયા યમુના મહારાણી અધિરાઈથી કે આનંદથી ઉછાળા મારી રહયા હતા. જ્યારે પ્રભુએ પોતાનું કોમળ ચરણાવિંદ ટોપલામાંથી બહાર કાઢયું અને યમુનાજીને પ્રભુનો ચરણસ્પર્શ થયો ત્યારે જ મહારાણી શાંત થયા. સૂરશ્યામના આ તનક તનક મધુર ચરણ પર મહાપ્રભુજી મોહી ગયા છે માટે કહે છે "પાદૌ મધુરૌ".

३.४ पादौ मधुरो

श्री वासुदेवजी श्री बालकृष्णलालजी को पृथ्वी पर प्रगट होते ही मथुरा से गोकुल ले जा रहे थे। आपके चरणस्पर्श करने हेतु चतुर्थ प्रिया श्री यमुनाजी महाराणी अधिर हो उठी और आनन्दातिरेक से सम्पन्न हो लहरो के माध्यम से तरंगायित होती हुई उव्देलित होने लगी। प्रेम सागर की लहरे वसुदेव के मुख को आलिंगीत करने लगी। उसी समय श्री बालकृष्ण प्रभुजी ने अपना कोमल चरणाविंद टोकनी से बाहर नीकाला। चतुर्थप्रिया यमुनाजीने श्री प्रभुजी के चरण का अभिषेक किया और एकदम शान्त हो गयी। सूरश्याम के उन कोमल तनक तनक से मधुर चरण के अपूर्व सौदर्य पर अभिभूत हो श्री महाप्रभूजी ने कहा "पादौ मधुरौ"।

અ. સૌ. સ્વ. તારાબેન કુરાણી નાગપુરવાળાના જય શ્રીકૃષ્ણ



પાદૌ મધુરૌ

ગો. વા. પ. ભ. અમૃતલાલ કુરાણી (નાગપુરવાળા) ના જય શ્રીકૃષ્ણ

૩.૫ નૃત્યં મધુરં

પ્રભુના પાદયપદ્મ તરફ નજર જતાં પગને નૃત્ય કરતાં જોઈ શ્રી મહાપ્રભુજી બોલી ઊઠે છે "નૃત્ય મધુરં"

શ્રી રાધારાણી માન કરીને બેસે છે ત્યારે માયિક મનમોહન માયાનો આસરો લઈને મોર બનીને નૃત્ય કરતા કરતા રાધારાણી પાસે જાય છે. રાધાજીને માનનું વિસ્મરણ થતું જાય છે ને તેમનો મનમયૂર નાચી ઊઠે છે. માન છોડી પોતે પણ મયૂર નૃત્યમાં ભાગ લે છે. રાધામાધવની બેલડી શરીરનું અવ્દેત સાધે છે. મયૂર નૃત્ય પોતાની રીતે અવ્દિતીય છે. શ્રી વલ્લભ રસાવેશમાં આવી કહે છે "નૃત્યં મધુરં" આવું નૃત્ય "ન ભૂતો ન ભવિષ્યતિ".

३.५ नृत्यं मधुरं

श्री प्रभुके पादपद्म की ओर दृष्टि जाते ही, पाद को नृत्य करते देख श्री महाप्रभुजी कहते है "नृत्यं मधुरं।"

श्री राधाराणी मान करके एक ओर बैठ जाती है, उस समय मनमोहन श्रीकृष्ण माया का आसरा लेकर मोर रुप धारण करते है, तथा नृत्य करते करते राधाराणी के निकट पहुंचते है। श्री राधाराणी का मान स्खलन हो जाता है। उनका मनमयूर नृत्य करने लगता है। वे स्वयं भी मान त्याग कर नृत्य में साथ देती है। राधा–माधव व्दे रुप शरीर अव्देत रुप साध लेते है। उनका मयूर नृत्य अपने आप में अव्दितीय है। श्री वल्लभजी रसावेग में कह उठते है "नृत्य मधुरं"। एसा अद्भूत नृत्य "न भूतो न भविष्यति"।

અ. સૌ. સ્વ. તારાબેન કુરાણી નાગપુરવાળાના જય શ્રીકૃષ્ણ



નૃત્યં મધુરં

ગો. વા. પ. ભ. અમૃતલાલ કુરાણી (નાગપુરવાળા) ના જય શ્રીકૃષ્ણ

૩.૬ સખ્યં મધુરં

ગોપબાળકો શ્રી ઠાકુરજીના પ્રેમમાં મસ્ત છે. યશોદાજી વનમાં છાક મોકલે છે. પ્રભુ બધા ગોપબાળકોની વચ્ચે બેસી આરોગે છે કર્ણિક જેવા પ્રભુ અને પાંખડીઓ જેવા બાળકો 'હસતો હાસ્યન્તશ્ય.....।' બધાને જમાડે છે જેને દહીભાત મળ્યો નથી તે ફરીયાદ કરે છે "ત્યારે જીન નહિં ચાખ્યો સુન ભૈયા મેરી હથેરી ચાટ" અને આ ભોજનનો સ્વાદ કેવો છે.

આજ દધિ મીઠો મદનગોપાળ

ઐસો સ્વાદ કબહુન ચાખ્યો, સુન ગોકુળકેનાથ

કનૈયાનું આ સખ્ય સર્વતોધિક મધુર છે. શ્રી ઠાકુરજીની લીલાનું વિસ્મરણ અને લૌકીક સ્વાભાવિકતામાંજ ભકિતરસના સખ્યભાવની ચરમ પરિણતિ છે. શ્રી વલ્લભ કહે છે સખ્યં મધુરં.

३.६ सरव्य मधुरं

गोप बालक श्री ठाकुरजी के प्रेम में मग्न है। यशोदाजी बनमें छाक भेजती है। प्रभु समस्त गोप बालको के मध्य बैठकर आनन्दपूर्वक आरोगते छे। कर्णिक जैसे प्रभु और पंखुडीयो जैसे बालक – 'हसतो हास्यन्तश्य'। सबको भोजन कराते है। जिनको दहीं भात नही मिला वे उलाहना देते है। उस समय कृष्ण कन्हैया कहते है – "जिन नहीं चाख्यो सुन भैया मेरी हथेरी चाट" – एसे प्रेम भोजन का स्वाद कैसा है।

आज दधि मीठो मदनगोपाल

एसो स्वाद कबहुन चाख्यो, सुन गोकुल के नाथ।

श्री कन्हैया का यह सख्यभाव सर्वाधिक मधुर है। ठाकुरजी की लीलाका विस्मरण और लौकिक स्वाभाविकता में ही सख्यभाव की परिणती है। तदर्थ श्री वल्लभ कहते है – सख्यं मधुरं।

અ. સૌ. સ્વ. તારાબેન કુરાણી નાગપુરવાળાના જય શ્રીકૃષ્ણ



સખ્યં મધુરં

મધુરાધિપતેરખિલં મધુરમ્

ગો. વા. પ. ભ. અમૃતલાલ કુરાણી (નાગપુરવાળા) ના જય શ્રીકૃષ્ણ

गीतं मधुरं
पीतं मधुरं
मुक्तं मधुरं
सुप्तं मधुरं
रूपं मधुरं
तिलकं मधुरं

मधुराधिपतेरखिलं मधुरम्

૪.૧ ગીતં મધુરં

શ્રી રાસપંચાધ્યાયીમાં શ્રી ઠાકુરજીએ મુરલીની તાન છેડી અને સંગીતના સુરોથી દેવલોક સહિત ત્રિલોક મોહિત થયું. પછી સ્વામીનીજીએ ગાન કર્યુ. તે સાંભળી સ્વયં શ્રી ઠાકુરજી મોહ પામ્યા. ગીતની પ્રશંશા કરવા લાગ્યા. સ્વામીનીજીનું ગીત એટલે 'મધુરસથી ભરેલી સરિતાનો સ્ત્રોત', સર્વભૂત મનોહરમ્ એટલે કે ભૂતમાત્રના મનનું હરણ કરનાર છે. શ્રી મહાપ્રભુજીને સારી સૃષ્ટિ ગીતમય લાગે છે. તેથી પ્રભાવિત થઈને આપશ્રી કહે છે "ગીતં મધુર".

४.१ गीतं मधुरं

श्री रासपंचाध्यायी में श्री ठाकुरजीने मुरली की तान छेडी संगीत स्वर लहरियों से देवलोक सहित त्रिलोक मोहित हो गया। तदनन्तर श्री स्वामीनीजी ने गान प्रारंभ किया। उसे श्रवण कर स्वयं श्री ठाकुरजी तन्मय हो गये तथा गीत गान की प्रशंशा करने लगे। स्वामीनीजी का गीत 'मधुर रस से परीपूर्ण सरिता का स्तोत्र', सर्वभूत मनोहरम् अपितु भूतमात्र के मन को हर लेने वाला है। श्री महाप्रभुजी को सम्पूर्ण सृष्टि गीतमय प्रतीत होती है। आपश्रीने भावमुग्ध हो कहा – "गीतं मधुरं"।

અ. સૌ. સ્વ. તારાબેન કુરાણી નાગપુરવાળાના જય શ્રીકૃષ્ણ



ગીતં મધુરં

ગો. વા. પ. ભ. અમૃતલાલ કુરાણી (નાગપુરવાળા) ના જય શ્રીકૃષ્ણ

૪.૨ પીતં મધુરં

ભગવાન જે વસ્તુનું પાન કરે તે પીત ભગવદ્ પીત મધુર છે. શ્રી રાધાજીના અધરામૃતને પીનાર સ્નિગ્ધમધૂસુદન દાવાગ્નિને પીનાર અનંતશકિત ધરાવનાર પ્રભુ છે. પીત એટલે પીળું ઠાકુરજી પીળાં વસ્ત્ર અને પીળા સુવર્ણના આભુષણ ધારણ કરે છે. માટે "પીતં મધુરં".

ગોચારણ કરીને શ્રમિત પ્રભુ નંદગૃહમાં પધારે છે. અંગ પરની ગોરજ લૂછી, હલ્કા વસ્ત્રો ને સુક્ષ્મ આભુષણ ધારણ કરે છે. ઠાકોરજી ગૌશાળામાં પધારી ગાયો દોહે છે. અને ધારોષ્ણ દૂધ આરોગે છે, પીએ છે. ગાયો દોહવાના નિમિત્તે ગાયોને સંયોગ સુખ આપ્યું છે. આ માધુર્યમય ભાવ દૃષ્ટિગત થતાં શ્રી મહા પ્રભુજી કહે છે. "પીતં મધુરં".

४.२ पीत मधुरं

श्री ठाकुरजी किसी भी वस्तु का पान करे तो वह पीत रुप हो जाती है। भगवद पीत मधुर है। श्री राधाजी के अधरामृत का पान करनेवाले स्निग्ध मधुसूदन दावाग्नि पान करनेवाले अनन्त शक्ति धारण करनेवाले श्री प्रभुजी है।

"पीत" अर्थात पीला – ठाकुरजी पीत वस्त्र तथा पीत स्वर्ण आभुषण भी धारण करते है – तदर्थ – "पीतं मधुरं"।

गोचारण से लौटते श्रमित प्रभु नंदगृहमें पधारते है। अंग से लगी गोरज पोंछकर, हल्के वस्त्र व सुक्ष्म आभुषण धारण करते है और ठाकुरजी गौशाला में पधारते है और गौओं को दोहने हेतु गौओं को संयोग सुख देते है। यह माधुर्यमय भावको दृष्टिगत कर श्री महाप्रभुजी कहतें है "पीतं मधुरं"।

અ. સૌ. સ્વ. તારાબેન કુરાણી નાગપુરવાળાના જય શ્રીકૃષ્ણ



પીતં મધુરં

ગો. વા. પ. ભ. અમૃતલાલ કુરાણી (નાગપુરવાળા) ના જય શ્રીકૃષ્ણ

૪.૩ ભુકતં મધુરં

શ્રી ઠાકુરજી ઉત્તમ વસ્તુના ભોકતા છે. નિકુંજમાં બિરાજતા શ્રી ઠાકુરજીને શ્રીસ્વામીનીજી પોતાના હાથે સિધ્ધ કરેલા બહુવિધ પકવાન, મેવા, દૂધ, દહીં માંથી બનાવેલ સામગ્રી ઠાકુરજીને આરોગાવે છે.

"આરોગત ગિરીધરલાલ સયાને, બહુવિધ પાક મિઠાઈ મેવા, દુધ દહિં પકવાને"

શ્રી મહાપ્રભુજી ભુકતં મધુરંનું માધુર્ય સ્વીકાર કરી બોલી ઊઠે છે "ભુકતં મધુરં".

४.३ भुक्तं मधुरं

श्री ठाकुरजी उत्तम वस्तु के भोक्ता है। निकुंज में बिराजते श्री ठाकुरजी को श्री स्वामीनीजी अपने हाथों से सिध्द किये हुए पकवान, मेवा और दूध–दहीं से बनाई हुई सामग्री आरोगती है।

आरोगत गिरीधरलाल सयाने। बहुविध पाक मिठाइ मेवा दूध दहीं पकवाने।

तदर्थ भुक्तं मधुरं का माधुर्य स्वीकार कर श्री महाप्रभुजी कहते है "भुक्तं मधुरं"।



ભુક્તં મધુરં

ગો. વ્રા. પ. ભ. અમૃતલાલ કુરાણી (નાગપુરવાળા) ના જય શ્રીકૃષ્ણ

૪.૪ સુપ્તં મધુરં

નંદભવનમાં ઉત્સવ હોવાથી ઘોંઘાટથી દૂર એક ગાડાની નીચે યશોદા મૈયા કનૈયાને સુવડાવે છે. મધુરી લીલાની પૂર્વભુમિકારૂપે કનૈયાનું આ શયન મધુર છે. માતાજી ઘરમાં જાય છે ને કનૈયાએ આંખ ખોલી. કોઈ ન દેખાતાં રડવા લાગ્યો. પણ કોઈએ તે સાંભળ્યું નહીં. તેથી રડતા રડતા પગ ઉછાળવા લાગ્યો. પદપદ્મનો સ્પર્શ થયો અને શકટ ઉંધું વળી ગયું. શકટ ઉપર બેઠેલા શકટાસુરનો નીચે પછડાતા પ્રાણ નીકળી ગયો. આમ શકટાસુરનો ઉદ્ધાર થઈ ગયો. પ્રભુનું આવું છે "સુપ્તં મધુરં".

४.४ सुप्तं मधुरं

नन्दभवन में उत्सव होने के कारण माता यशोदा कोलाहल से दूर रखने हेतू कन्हैया को एक एकान्त स्थान शकट नीचे शयन कराती है। माधुरी लीला की पूर्व भूमिका के अनुसार शयन मधुर ही है। माता घर में जाती है और कन्हैया ऑख खोल कर देखते है। आसपास कोई न होने से रोने लगते है। उनके रुदन को कोई नहीं सुनता। रुदन करते करते वे अपने चरणों को उछालने लगे। पदपदम के स्पर्श होते ही शकटासुर आकाश की ओर तेजी से उछला और नीचे की ओर गीरा। उसका प्राणान्त हो गया। बालकृष्ण लालने शकटासुर का उध्दार कर मुक्ति प्रदान की। श्री प्रभुका ऐसा है – "सुप्तं मधुर"।

અ. સૌ. સ્વ. તારાબેન કુરાણી નાગપુરવાળાના જય શ્રીકૃષ્ણ



સુપ્તં મધુરં

ગો. વા. પ. ભ. અમૃતલાલ કુરાણી (નાગપુરવાળા) ના જય શ્રીકૃષ્ણ

૪.૫ રૂપં મધુરં

કોટી કોટી કંદર્પના રૂપલાવણ્યને શરમાવે એવી શ્યામસુંદરની મોહિની મુરત છે. શ્રી મહાપ્રભુજી રૂંપ મધુરં કહે છે. પ્રભુના રૂપ માધુર્યનું સ્મરણ થતાં સ્મરના વેગથી ગોપીજનોના ચિત્ત વિક્ષિપ્ત થઈ ગયા. તેઓ પ્રભુના રૂપનું વર્ણન કરી શકયા નહિં. પણ વેણુગીતમાં શ્રી શુકદેવજીએ ગોપીજનોના હૈયામાં જે રૂપ હતું એનું વર્ણન કર્યુ છે.

બર્હાપીડં નટવરવપુઃ કર્ણયો કર્ણિકારં
બિભ્રદવાસં, કનક કપિશં વૈજયંતિચમાલામ્ ।
રન્ધ્રાન વેણોરધરસુધયા પૂરયન ગોપવૃંદે
વૃંદારણ્યં સ્વપદરમણં પ્રાવિશદ્ ગીતકીર્તિ ॥
શ્રી મહાપ્રભુજી કહે છે "રૂપં મધુરં".

४.५ रुपं मधुरं

श्री श्यामसुंदर का मोहिनी स्वरुप ऐसा अद्भूत एवं अपार सौदर्य युक्त है कि कोटि कोटि कंदर्प भी उनके समक्ष शरमाते है। श्री महाप्रभुजी अस्तु रुपं मधुरं कहते है। प्रभु श्री बालकृष्ण का रुपमाधुर्य का स्मरण होते ही स्मृति का वेग इतना तीव्र हो जाता है कि गोपीजनों का चित्त विक्षिप्त हो जाता है। प्रभुजी के रुप को शब्दों में, वाणि में बांध नहीं सकतें, अवर्णनीय है। श्री शुकदेवजीने वेणुगीत में गोपीजनों के ह्रदय में कृष्ण का जो रुप बसा था उसका वर्णन यों किया है।

"बर्हापीडं नटवरवपु: कर्णयो कर्णिकारं
बिभ्रदवासं, कनक कपिशं वैजयंतिचमालाम् ।
रन्ध्रान वेणोरधरसुधया पूरयन गोपवृंदे
वृदारण्यं स्वपदरमणं प्राविशद गीतकीर्ति।"
तदर्थ महाप्रभुजी मोहित होकर कहते है "रुपं मधुरं।"

અ. સૌ. સ્વ. તારાબેન કુરાણી નાગપુરવાળાના જય શ્રીકૃષ્ણ



રૂપં મધુરં

ગો. વા. પ. ભ. અમૃતલાલ કુરાણી (નાગપુરવાળા) ના જય શ્રીકૃષ્ણ

૪.૯ તિલકં મધુરં

શ્રીજીનું નયન મનોહર સ્વરૂપ જોતાં શ્રીવલ્લભની નજર શ્રીજીના કપોળ પ્રદેશ પર પડેલા તિલક પર પડે છે. 'મલયજ તિલકં વિધાય તન્મધ્યે કસ્તુરી તિલકં કૃત્વા તનમધ્યે મુકતાફલ બિન્દુઃ ક્રિયત' લાલ ચંદનનું તિલક કેટલું સુંદર, કેટલું મધુર ભ્રૂકુટીવ્દયની વચ્ચે (મધ્યે) – આ પ્રતિક ધ્યાનનું અથવા તેમની ભીતર વહેતા સતત પ્રેમના પડછાયાનું છે, યુગલગીતમાં 'દર્શનીયતિલકો' ગોપીજન ગાય છે. ભકત કવિ જયદેવે ગીતગોવિંદમાં બહુ જ સુંદર વર્ણન કર્યુ છે. "જલદ પટલ ચલ દિન્દુ વિનિન્દ ચંદન તિલક લલાટમ્" શ્રી મુખારવિંદની શોભા તિલકથીજ છે. આવી તિલક રચના જોઈ શ્રી મહાપ્રભુજી બોલી ઊઠે છે "તિલકં મધુરં".

४.६ तिलकं मधुरं

श्रीजी के नयन मनोहर स्वरुप के दर्शन करते समय श्री वल्लभ की दृष्टी श्रीजीके कपोल प्रदेश पर अंकित तिलक पर स्थिर हो गयी। 'मलयज तिलकं विधाय तन्मध्ये कस्तुरी तिलकं कृत्वा तन्मध्ये मुक्ताफल बिन्दुः क्रियात' रक्त चंदन का तिलक कितना सुन्दर कितना अनुपम जो भृकुटीव्दय के मध्य स्थित है, – यह प्रतिक ध्यान का अथवा उनके भीतर प्रवाहित सतत प्रेमकी परछाई का है। 'दर्शनिय तिलक' का गोपीजन गान करते है – भक्त कवि जयदेव ने गीत गोविन्द में अत्यन्त मनोहारी वर्णन किया है – "जलद पटल चल दिन्दु विनिन्द चंदन तिलको ललाटम्।" श्री मुखारविंद की सम्पूर्ण शोभा तिलकसे है। श्री महाप्रभुजी अदभूत तिलक रचनासे अभिभूत हो कहते है "तिलकं मधुरं"।

અ. સૌ. સ્વ. તારાબેન કુરાણી નાગપુરવાળાના જય શ્રીકૃષ્ણ



તિલકં મધુરં
મધુરાધિપતેરખિલં મધુરમ્

ગો. વા. પ. ભ. અમૃતલાલ કુરાણી (નાગપુરવાળા) ના જય શ્રીકૃષ્ણ

करणं मधुरं
तरणं मधुरं
हरणं मधुरं
रमणं मधुरं
वमितं मधुरं
शमितं मधुरं

मधुराधिपतेरखिलं
मधुरम

૫.૧ કરણં મધુરં

શ્રી મદાચાર્યચરણ શ્રીમદ્ કથાને બહુ જ મહત્વ આપે છે. આપે ત્રણવાર પૃથ્વી પ્રદક્ષિણા કરી ચોર્યાસી સ્થળોએ સંપૂર્ણ ભાગવત પારાયણ કર્યુ અને કર્ણ વ્દારા કથા સાંભળી અનેક જીવો કૃતાર્થ બન્યા માટે 'કરણં મધુરં'.

કરણં મધુરમ્ એટલે શ્રી ઠાકુરજીના મકરાકૃત કુંડળ સહિત કર્ણ. આ સાંખ્ય યોગના પ્રતિક છે. સાંખ્યયોગમાં મુકિતની પ્રાપ્તિ છે જે વૈષ્ણવોને નથી જોઈતી. તેથી આ કર્ણોનો આશ્રય લેવાથી પ્રભુરસસહિત ભકિત આપે છે. માટે 'કરણં મધુરં'.

५.१ करणं मधुरं

श्री महाप्रभुजी श्रीमदभागवत कथा को असीम महत्व प्रदान करते है। आपश्रीने तीन बार पृथ्वी की परिक्रमा सम्पन्न की। एवं चौरासी स्थलों पर सम्पूर्ण श्रीमद भागवत का पारायण किया। कर्ण के माध्यम से कथा श्रवण करते हुए अनेक जीव कृतार्थ हुए। तदर्थ 'करणं मधुरं'।

करणं मधुरम् – श्री ठाकुरजी के मकराकृत कुंडल सहित कर्ण – यह सांख्य योग का प्रतिक है। सांख्ययोग में मुक्ति की कामना वैष्णव नहीं चाहते। वे कर्णों का आश्रय प्राप्त कर प्रभु रस – भक्ति सहित सम्पन्न होते है। तदर्थ 'करणं मधुरं'।

અ. સૌ. સ્વ. તારાબેન કુરાણી નાગપુરવાળાના જય શ્રીકૃષ્ણ



કરણં મધુરં

ગો. વા. પ. ભ. અમૃતલાલ કુરાણી (નાગપુરવાળા) ના જય શ્રીકૃષ્ણ



કરણં મધુરં

ગો. વા. પ. ભ. અમૃતલાલ કુરાણી (નાગપુરવાળા) ના જય શ્રીકૃષ્ણ



કરણં મધુરં

ગો. વા. પ. ભ. અમૃતલાલ કુરાણી (નાગપુરવાળા) ના જય શ્રીકૃષ્ણ

૫.૨ તરણં મધુરં

શ્રી કૃષ્ણ તેને જ તારે છે જે તેનામાં તન્મય બની જાય છે. પછી પ્રેમભાવે હોય કે વેરભાવે. એ તરણ મધુર છે. 'તરણં પ્લવનં યમુનાજલે વ્રજસ્થિતીઃ સહ' વ્રજસ્ત્રીઓ સહિત યમુના જળમાં તરવું તેનું નામ તરણ. મહારાસ નૃત્ય પછી ગોપીઓના શ્રમને દૂર કરવા ભગવાન કૃષ્ણે યમુના જળમાં પ્રવેશ તરણલીલા કરી અને નૌકા વિહાર કર્યો. સ્મિત કરતી તેમની પ્રિય ગોપીઓ ઠાકોરજી પર જળનો છંટકાવ કરતી હતી. શ્રી મહાપ્રભુજી ઠાકુરજીની જળક્રિડા જાણી શકયા અને માણી પણ શકયા હશે. તેથી આપે કહયું "તરણં મધુરં".

५.२ तरणं मधुरं

श्री कृष्ण उनको ही भवसागर से पार लगाते है, जो उनमें ही तन्मय हो जाते है। उनकी तन्मयता प्रेमभाव से हो अथवा वैर भाव से पुष्ट हो। "तरणं प्लवन यमुनाजले व्रजस्थितीः सह" – व्रजस्त्रियो सहित यमुना जल में तराबोर होना, पुष्ट होना – इसे ही तरण कहते है। महारासनृत्य सम्पन्न होने के पश्चात गोपियों की थकान दूर करने के हेतू श्री भगवान कृष्णने यमुना जल में प्रवेश कर तरण विहार की और नौकाविहार किया। भगवान की प्रिय गोपियों ने उस समय भगवान का देखकर मुस्कराते हुए उन पर यमुना जल की बौच्छार करती है। श्री महाप्रभुजी श्री ठाकुरजी की जल क्रिडा से आनन्दित हुए – तद हेतु आप श्री ने कहा – "तरणं मधुरं।"

અ. સૌ. સ્વ. તારાબેન કુરાણી નાગપુરવાળાના જય શ્રીકૃષ્ણ



તરણં મધુરં

ગો. વા. પ. ભ. અમૃતલાલ કુરાણી (નાગપુરવાળા) ના જય શ્રીકૃષ્ણ

૫.૩ હરણં મધુરં

"હરતિ સંસાર બંધન મિતિ હરિઃ" સંસારના બંધનો હરે તે હરિ. મનમોહક હાસ્યથી પ્રભુ ગોપીજનોનું ચિત્ત હરણ કરે છે. શ્રી કૃષ્ણની ગતિ, મતિ, કૃતિ શરૂવાતમાં વિષમય લાગે પરતું અંતે અમૃતનો સ્વાદ કરાવે તેવી છે. અનન્યપૂર્વા ગોપીજનો હવિષ્યાન્ન ભોજન કરી કાત્યાયની વ્રત કર્યુ.

"નંદ ગોપસુતં દેવિ પતિ મે કુરૂ", નંદ ગોપના પુત્ર અમારા પતિ થાઓ. એમ પતિરૂપે શ્રીકૃષ્ણને પામવા કુમારિકાઓએ યમુનાજીમાં સ્નાન કર્યુ. ત્યારે ચિરહરણ વ્દારા પ્રભુ તેમની નિરાવૃત માયાને દૂર કરી અંતે રાસલીલાનું દાન કરે છે. ચિરહરણ લીલાનું માધુર્ય માણીને શ્રી મહાપ્રભુજી બોલી ઊઠે છે. "હરણં મધુરં".

५.३ हरणं मधुरं

"हरणं संसार बंधन मिती हरिः।" संसार बंधन को हर ले वे हरि। मनमोहक हास्य से श्री प्रभु गोपीजनों का चित्त हरण करते है। श्री कृष्ण की गति, मति, कृति प्रारंभ में विषमय प्रतित होती है परंतु अन्त में अमृत रस का पान कराती है। अनन्यपूर्वा गोपीजनो ने हविष्यान्न भोजन कर कात्यायनी व्रत किया था – "नन्द गोप सुतं पति में कुरु।" नन्द गोप का पुत्र हमारा पति बने। श्री कृष्ण को पति रुपमें प्राप्त करने हेतु कुमारिकाओंने यमुना जल में स्नान किया। उनके चिर हरण के माध्यम से श्री प्रभुजीने उनकी निरावृत्त माया समाप्त कर दी थी और अन्त में रासलीला सम्पन्न की। चीरहरण लीला के माधुर्य को स्वीकार कर श्री महाप्रभुजी कहते है – "हरणं मधुरं"।

અ. સૌ. સ્વ. તારાબેન કુરાણી નાગપુરવાળાના જય શ્રીકૃષ્ણ



હરણં મધુરં

ગો. વા. પ. ભ. અમૃતલાલ કુરાણી (નાગપુરવાળા) ના જય શ્રીકૃષ્ણ

૫.૪ રમણં મધુરં

પરબ્રહ્મને જ્યારે રમણ કરવાની ઈચ્છા થઈ ત્યારે સૃષ્ટીનું સર્જન કર્યુ. પ્રભુને એકલા નથી રમણ કરવું એટલા માટે વ્રજમાં ગોચારણ માટે સવારથી ગ્વાલબાલો અને ગાયો સાથે વનમાં આનંદ કરતા, ખેલતા, કૂદતા, દોડતા જાય. રમત કરતા જાય છે. પ્રભુએ જ્યાં રમણ કર્યુ છે. એ રમણરેતીમાં વ્રજયાત્રા (લીલી પરીક્રમા) દરમિયાન વૈષ્ણવો આળોટી પવિત્ર થાય છે ને શ્રી ચરણરજથી દેહની શુદ્ધિ કરે છે. માટે "રમણં મધુરમ્".

५.४ रमणं मधुरं

परब्रम्ह को जिस समय रमण करने की आकांक्षा हुई, उन्होने सृष्टी का सर्जन किया। श्री प्रभु अकेले रमण नहीं करतें। परिणामतः ब्रज में गोचारण के निमित्त प्रातःकाल से ही ग्वालबालो, गायों आदि के सह बन में आनन्द करते, खेलते, कुदते, दौडते हुये रमण करते रहे है। प्रभुजी ने जहां रमण किया है, उसमें रमण की सीमा है – ब्रजयात्रा। ब्रजयात्रा के समय वैष्णवजन रमण स्थलों की यात्रा कर पवित्र होते है। इस प्रकार देह का शुध्दिकरण सम्पन्न होता है। तदर्थ "रमणं मधुरं" श्री महाप्रभुजी कहतें है।

અ. સૌ. સ્વ. તારાબેન કુરાણી નાગપુરવાળાના જય શ્રીકૃષ્ણ



રમણં મધુરં

ગો. વા. પ. ભ. અમૃતલાલ કુરાણી (નાગપુરવાળા) ના જય શ્રીકૃષ્ણ

૫.૫ વમિતં મધુરં

નિકુંજની ભાવનામાં શ્રી ઠાકુરજી અને શ્રી સ્વામીનીજી તાંબુલચર્વિત લે છે. નિકુંજ મંદિરમાં શ્રી સ્વામીનીજી સહિત શ્રી ઠાકુરજી વિહાર કરે છે. પરસ્પર પાનનાં બીડા ખવડાવે છે. કયારેક ઠાકુરજી પોતે ચાવેલ પાનનું બીડું શ્રી સ્વામીનીજીના મુખમાં મૂકે છે. તે આરોગી શ્રી સ્વામીનીજી રસાવેશમાં આવી જાય છે ને શ્રી મહાપ્રભુજી બોલી ઊઠે છે "વમિતં મધુરં".

५.५ वमितं मधुरं

निकुंज की भावना में श्री ठाकुरजी और श्री स्वामीनीजी पूर्ण समर्पण भाव से सम्पन्न है। निकुंज मंदिरमें श्री स्वामीनीजी श्री ठाकुरजी के संग विहार करते है। परस्पर पान का बीड़ा आत्मविभोर हो खिलाते है। उस समय श्री ठाकुरजी स्वयं चबाया हुआ पान का बीड़ा श्री स्वासीनीजी के मुख में रखते है, अर्थात उन्हे खिलाते है। श्री स्वामिनीजी पान बीड़ा आरोगते ही रसावेगमय हो जाती है। श्री महाप्रभुजी रसोल्लासमय हो कहतें है – "वमितं मधुरं"।

અ. સૌ. સ્વ. તારાબેન કુરાણી નાગપુરવાળાના જય શ્રીકૃષ્ણ



વમિતં મધુરં

ગો. વા. પ. ભ. અમૃતલાલ કુરાણી (નાગપુરવાળા) ના જય શ્રીકૃષ્ણ

૫.૬ શમિતં મધુરં

ઈંદ્રને અભિમાન થયું. ત્યારે પ્રભુએ ગોવર્ધનલીલા કરી ઈંદ્રદમન કર્યુ. ઈંદ્રનો ગર્વ ઉતાર્યો. ઈંદ્ર પ્રભુને શરણે આવ્યો. ઐરાવત હાથીએ ગૃંગાજળથી અને સુરભિ ગાયે દૂધથી પ્રભુનો અભિષેક કર્યો. પ્રભુ દોષનું નિવારણ કરે છે. પીડા કરીને પણ પ્રભુ હિત કરે છે. મધુરાધિપતિનું સઘળું મધુર છે. માટે શમિતં મધુરં કહયું છે. વૈષ્ણવો એક જ વિનંતિ કરે છે "પ્રભુ મેરે અવગુણ ચિત્ત ન ધરો" શમિતની આવી સુંદર ભાવના છે. શિશુપાલ કંસાદિ દુષ્ટજનોને એક સરખી ગતિ આપે છે. શમિતં એટલે સમાનતાભરી દૃષ્ટિ માટે શ્રી વલ્લભ કહે છે "શમિતં મધુરં".

५.६ शमितं मधुरं

इंद्र को अभिमान हो गया था। श्री प्रभुजी ने गोवर्धन लीला सम्पन्न कर इन्द्र–दमन किया। इन्द्र का गर्व हरण किया। इन्द्र प्रभु की शरण में आया। ऐरावत हाथीने गंगाजल से और सुरभि गाय ने अपने दुग्ध से अभिषेक किया। प्रभुजी दोष का निवारण करते है। स्वयं कष्ट सहन कर प्रभुभक्तो का हित करते है। मधुराधिपति का कर्म मधुर है। इस कारण शमितं मधुरं कहा है। वैष्णव जन एकही विनंती करते है – "हे प्रभुजी मेरे अवगुण चित्त न धरो" – शमितं की अदभूत सौन्दर्यमयी भावना है। शिशुपाल कंसादि दुष्टजनों को भक्तो सदृश ही गति प्रदान करते है। शमितं में समानताभरी दृष्टि है। श्री वल्लभ कहते है "शमितं मधुरं"।

અ. સૌ. સ્વ. તારાબેન કુરાણી નાગપુરવાળાના જય શ્રીકૃષ્ણ



શમિતં મધુરં

મધુરાધિપતેરખિલં મધુરમ્

ગો. વા. પ. ભ. અમૃતલાલ કુરાણી (નાગપુરવાળા) ના જય શ્રીકૃષ્ણ

गुञ्जा मधुरा
माला मधुरा
यमना मधुरा
वीची मधुरा
सलिलं मधुरं
कमलं मधुरं

मधुराधिपतेरखिलं
मधुरम

૬.૧ ગુંજા મધુરા

શ્રી પુષ્ટિમાર્ગીય સેવા પરંપરામાં ગુંજાની માળા વિના શૃંગાર અધુરા ગણાય છે. ગોપ એવા શ્રી ગોવિંદના શૃંગારમાં ગુંજાની માળા અને મયુરપીચ્છનો મુકુટ એ બેનું સ્થાન વિશિષ્ટ છે. ગુંજામાં અરૂણ રંગ (લાલ) શ્રી સ્વામીનીજીનો ભાવ અને શ્યામ રંગ તુર્ય પ્રિયા શ્રી યમુનાજીનો ભાવ છે. કેટલીક ગુંજા સફેદ શ્યામ હોય છે. સફેદ રંગ શ્રી ચંદ્રાવલીજીનો ભાવ છે. બધાં જ વ્રજભકતોના અનુરાગ રસને એકત્ર કરી ધનીભૂત કરવામાં આવેલું સ્વરૂપ એટલે ગુંજા જેને ઠાકુરજી પોતાના હદયમાં ધારણ કરે છે. તેથી શ્રી મહાપ્રભુજી કહે છે "ગુંજા મધુરા".

६.१ गुंजा मधुरा

श्री पुष्टिमार्गीय सेवा परंपरामें गुंजा की माला के बिना श्री प्रभुजी का शृंगार अपूर्ण माना जाता है। गोप सेवा में श्री गोविंदजी के शृंगार में गुंजा की माला और मयुर पंख का मुकुट दोनों का विशिष्ट महत्व है। गुंजा में अरुण रंग श्री स्वामिनीजीका भाव, श्याम रंग तुर्य प्रिया श्री यमुनाजी का भाव को पुष्ट करता है। कुछ गुंजा सफेद श्याम होती है। सफेद श्री चन्द्रावलीजी के भाव को सिध्द करता है। यह सब सम्मिलित होकर ब्रजभक्तों में अनुराग रस को एकत्रित करने में समर्थ है। सब कुछ मिलकर गुंजा भावमय धनीभूत स्वरुप को उल्लिसित करता है। जिसे ठाकुरजी अपने हदय पर धारण करते है। तदर्श श्री महाप्रभुजी कहते है – "गुंजा मधुरा"।

અ. સૌ. સ્વ. તારાબેન કુરાણી નાગપુરવાળાના જય શ્રીકૃષ્ણ



ગુંજા મધુરા

ગો. વા. પ. ભ. અમૃતલાલ કુરાણી (નાગપુરવાળા) ના જય શ્રીકૃષ્ણ

૬.૨ માલા મધુરા

ગુંજામાળા સિવાય વ્રજનો અધિપતિ વૈજયંતિમાલા ધારણ કરે છે. વનમાળી એવો વ્રજેશ વનમાળા ધારણ કરે છે. મુકુંદ મુકતામાળા ધારણ કરે છે. 'દિવ્યગંધ તુલસી મધુમત્તૈ' જોવા મળે છે. મણીમાળા વચ્ચે 'શ્રી વત્સ લાંછન કૌસ્તુભ માળા' છે. આ બધી માળા કોઈને કોઈ સ્વામીનીજુથના ભાવને વ્યકત કરે છે. એવમ અનેક વિધા ભાવા હોવા છતાં એકજ ભાવ એટલે કે માધુર્ય ભાવ છે. આ બધી માળાઓમાં નિજ પ્રિયાઓ અને વ્રજભકતોના મધુર ભાવો ભરેલા હોઈ, શ્રીકંઠથી લઈ ચરણાવિંદ પર્યંત માળા લાંબી છે. તેથી જ શ્રી મહાપ્રભુજી કહે છે "માલા મધુરા".

६.२ माला मधुरा

गुंजामाळा के अतिरिक्त व्रज अधिपति वैजयंतिमाला धारण करते है। श्री व्रजेश वनमाळा धारण करके वनमाळी कहलाते है। मुकुंद मुक्तामाला धारण करते है। 'दिव्यगंध तुलसी मधुमत्तै' दृष्टिगत होती है। मणीमाला मध्यमें – 'श्री वत्सलांछन कौस्तुभ माला' धारण किये है। समस्त मालाएं श्री स्वामीनीजी के किस्री न किसी भाव को व्यक्त करती है। अनेक भावो में एक ही भाव सन्निहित है – माधुर्य भाव। इन मालाओ में व्रजभक्तो का मधुरभाव पुष्ट है। श्री प्रभुजी के कंठ से लेकर चरणाविंद तक मालाओंका आधिपत्य है। श्री ठाकुरजी को मालामय दृष्टिगत कर आत्मविभोर हो श्री महाप्रभुजी कहते है "माला मधुरा"।

માલા મધુરા

ગો. વા. પ. ભ. અમૃતલાલ કુરાણી (નાગપુરવાળા) ના જય શ્રીકૃષ્ણ

૬.૩ યમુના મધુરા

યમુનાજી સ્ત્રીસ્વરૂપે હોઈ તેઓ સાડી, ચણીયો ધારણ કરે તે તેમને શોભે. પરતુ શ્યામજીના રંગે રંગાયેલ શ્રી યમુનાજી નિજ સ્વામી સદૃશ કટી કાછની અને મોર મુકુટનો વેશ ધારણ કરે છે. એ સ્વરૂપ તે શ્રી ઠાકુરજી સદૃશ દેખાય છે. શ્રી યમુનાજી સાક્ષાત ભગવદ્ સ્વરૂપ છે. અને તેમનું એ સ્વરૂપ મધુર છે. જયારે જીવનો બ્રમ્હસંબંધ થાય છે ત્યારે યમુનાજી ખુબ રાજી થાય છે. તેથી શ્રીમદાચાર્યચરણ બોલી ઊઠે છે "યમુના મધુરા".

६.३ यमुना मधुरा

श्री यमुनाजी नारीरुप धारण कर साडी, अंगरखा धारण करती है। ये वसन अत्याधिक शोभते है। यमुनाजी नारी स्वरुप होने पर भी श्री श्यामजी के रंग में रंगी हुई है – निजस्वामीजी सदृश कटी काछनी और मोर मुकुट धारण करते है। उनका एसा स्वरुप श्री ठाकुरजी सदृश दर्शनीय एवं प्रभावी होता है। श्री यमुनाजी साक्षात् भगवद् स्वरुप है। उनका एसा अनुपम स्वरुप मधुर है। जिस जिव का – भक्तका बम्हसम्बध सम्पन्न हो जाता है, उनसे श्री यमुनाजी प्रसन्न हो जाती है। तदर्थ श्री महाप्रभुजी कहते है – "यमुना मधुरा"।



યમુના મધુરા

ગો. વા. પ. ભ. અમૃતલાલ કુરાણી (નાગપુરવાળા) ના જય શ્રીકૃષ્ણ

૬.૪ વીચી મધુરા

શ્રી મહાપ્રભુજી યમુનાજીમાં ઉઠતાં ભાવ તરંગોને જોઈ બોલી ઊઠે છે વીચી મધુરા. વીચી એટલે તરંગ. "તરંગ ભુજ કંકણ" શ્રી યમુનાજીમાં તરંગ ઊઠે છે તે યમુનાજીના હસ્તકમળ છે. શ્રીયમુનાજી તરંગરૂપી કરોડો ભુજાઓ પ્રકટ કરી, કરોડો વ્રજભકતોને તે દ્વારા ભેટીને આમંત્રણ આપે છે. "વ્રજભકતો, આવો અને જલપાન કરો" જેથી તમને રસાનુભવ થશે. આમ શ્રી ઠાકુરજી સાથે પુષ્ટિમાર્ગીય જીવોનો સંબંધ કરાવે છે. યમુનાજીની ભુજારૂપ તરંગો રસરૂપ હોઈ અત્યંત મધુર છે. તેથી મહાપ્રભુજી કહે છે "વીચી મધુરા".

६.४ वीची मधुरा

श्री महाप्रभुजी यमुनाजी के प्रेमसागर में मधुरिम, स्नेहिल तरंगो को उठते देख – सहजही कहते है – "वीचि मधुरा।" वीची अर्थात् तरंग। "तरंग भुज कंकण" – श्री यमुनाजी में तरंगे उठती ये यमुनाजी के हस्त कमल है। श्री यमुनाजी तरंगरुपी करोडों भुजाएं प्रगट कर, करोडो व्रजभक्तों को उनके माध्यमसे आमंत्रण देती है – "हे व्रजभक्तों आप पधारिये और जलपान कीजिये" – आप सबको रसानुभाव होगा। श्री ठाकुरजी संग पुष्टिमार्गीय जीवो का सम्बन्ध कराती है। श्री यमुनाजी की भुजा रुप तरंगे रसरुप है। अत्यन्त मधुर है। श्री महाप्रभुजी कहते है – "वीची मधुरा"।



વીચી મધુરા

ગો. વા. પ. ભ. અમૃતલાલ કુરાણી (નાગપુરવાળા) ના જય શ્રીકૃષ્ણ

૬.૫ સલિલં મધુરં

"સ્મરશ્રમજ લાણુભિઃ સકલ ગાત્રજેઃ સંગમ" રાસલીલા પછી રતિક્રિડા પછી જળક્રિડા સ્મરશ્રમને કારણે જે સ્વેદબિંદુઓ પ્રભુના શ્રીઅંગ પર ઉદભવ્યા, જલક્રિડા સમયે તે શ્વેદબિંદુઓ યમુના જળમાં ભળી ગયા. આમ બધી લીલાઓનું માધુર્ય યમુનાજીના સલિલે આત્મસાત કરી લીધું. આના સ્મરમાત્રથી શ્રી મહાપ્રભુજી બોલી ઊઠે છે "સલિલં મધુરં".

६.५ सलिलं मधुरं

"स्मरश्रमज लाणुभिः सकल गात्रजेः संगम।" रासलीला के उपरान्त, रतिक्रिडा तदनन्तर जलक्रिडा। स्मरश्रम के कारण जो स्वेद बिन्दुओं का आगार श्री प्रभुजी के समस्त अंग पर उदृभवित है। जलक्रिडा के समय वे समस्त स्वेद बिन्दु यमुनाजीमें एकाकार हो गये। इस प्रकार समस्त लीलाओं का माधुर्य यमुनाजी के सलिल ने आत्मसात् कर लिया। श्री महाप्रभुजी को इसका स्मरण होते ही आत्मविभोर हो कहते है – "सलिलं मधुरं"।



સલિલં મધુરં

ગો. વા. પ્ર. ભ. અમૃતલાલ કુરાણી (નાગપુરવાળા) ના જય શ્રીકૃષ્ણ

હર્ષદરાય ના [illegible]

૬.૬ કમલં મધુરં

કમળની મધુરતા અને કોમળતા એટલી અધિક છે. કે ઠાકુરજીના બધાં અંગો સાથે તેનો સંબંધ જોડવામાં આવે છે. જેમકે શ્રી ઠાકુરજીના ચરણકમળ, વદન કમળ, નયન કમળ આદિ. શ્રી ગોપીજનોએ "જલ રૂહાનન" ચારૂ દર્શય શબ્દો વડે શ્રી ઠાકુરજીનું વદન કમળ જોવાની ઈચ્છા વ્યકત કરી. શ્રી મહાપ્રભુજીને કમળમાં ભારોભાર મધુરતા દેખાઈ તેથી આપશ્રીએ કહયું "કમલં મધુરં".

६.६ कमलं मधुरं

कमल की मधुरता, कोमलता, अद्‌भूत सौन्दर्य, इतना अधिक है, जो श्री ठाकुरजी के अनेक अंगो से सम्बंध स्थापित करने में सक्षम और समर्थ है। कमल सा माधुर्य श्री ठाकुरजी के अंगो से टपकता है। श्री ठाकुरजी के चरण कमल, वदन कमल, नयन कमल, मुख कमल आदि। श्री गोपीजन श्री ठाकुरजी के वदन कमल के दर्शन की इच्छा व्यक्त की। श्री महाप्रभुजी कमल भारोभार, सम्पुर्णतः मधुरता के दर्शन करने के साथ श्री ठाकुरजी में तद्‌रुप कोमल मधुरता दृष्टिगत कर कहते है – "कमलं मधुरं"।

અ. સૌ. સ્વ. તારાબેન કુરાણી નાગપુરવાળાના જય શ્રીકૃષ્ણ

કમલં મધુર

મધુરાધિપતેરખિલં મધુરમ્

ગો. વા. પ્ર. ભ. અમૃતલાલ કુરાણી (નાગપુરવાળા) ના જય શ્રીકૃષ્ણ

गोपी मधुरा
लीला मधुरा
युक्तं मधुरं
मुक्तं मधुरं
दृष्टं मधुरं
शिष्टं मधुरं

मधुराधिपतेरखिलं
मधुरम्

૭.૧ ગોપી મધુરા

કંસના મોકલ્યા અક્રુરજી કૃષ્ણબલરામ ને લેવા આવે છે. તેમના મથુરાગમનના સમાચાર સાંભળીને ગોપીઓ અક્રુરને અતિ ક્રુર કહે છે ને મથુરા જતા રોકવા વિરહાતુર ગોપીજનો લજ્જા છોડી "હે ગોવિંદ, હે માધવ" પોકારો પાડી રડવા માંડે છે. એજ ગોપીજનો મથુરા નિવાસના સમાચાર સાંભળી શ્રી કૃષ્ણ ચરિત્ર ગાઈને શોકરહિત થઈને વિપ્રયોગનો અનુભવ કર્યો. એવો નિર્મળ, નિષ્કામ, નિર્વ્યાજ, મધુર પ્રેમ છે, ગોપીજનોને માટે ગોપી મધુરા.

७.१ गोपी मधुरा

कंस ने अक्रुरजी को, श्री कृष्ण बलरामको गोकुल से मथुरा लिवाने हेतु भेजा था तो वे आ रहे है। मथुरागमन का समाचार पाते ही गोपियॉ अक्रुरजी को अत्यन्त क्रुर एवं दुष्ट कहती है। वे मथुरा जाने से रोकने हेतु विरहातुर गोपियॉ लज्जा त्याग कर – "हे गोविंद, हे दामोदर, हे माधव" नाम ले कर जोरों से रुदन करती है। मथुरा निवास का समाचार ज्ञात होते ही श्री कृष्ण चरित्र लीला गान करते हुए शोक रहित होते हुए विप्रयोग का अनुभव किया। ऐसा निर्मल, निष्काम, निर्व्याज, मधुर प्रेम है गोपीजनों का – तदर्थ "गोपी मधूरा"।

અ. સૌ. સ્વ. તારાબેન કુરાણી નાગપુરવાળાના જય શ્રીકૃષ્ણ



ગોપી મધુરા

ગો. વા. પ. ભ. અમૃતલાલ કુચાણી (નાગપુરવાળા) ના જય શ્રીકૃષ્ણ

૭.૨ લીલા મધુરા

કનૈયાની ચૌર્ય લીલા મધુર છે. શ્રી ઠાકુરજી ગોપીજનોનાં દહીં માખણની ચોરી કરે છે, ખાય છે ને ઢોળી નાખે છે. અગર નિજ સખાઓને કે માંકડાઓને ખવડાવી દે છે. માતા જશોદાએ ઘણું શોધ્યા પછી ઉખલ ઉપર કૃષ્ણને વાંદરાઓને માખણ ખવરાવતા જોયા. નંદલાલની સમસ્ત લીલા આવરી લેતા શ્રી મહાપ્રભુજી બોલી ઊઠે છે. "લીલા મધુરા".

७.२ लीला मधुरा

श्री कृष्ण कन्हैया की चौर्य लीला मधुर है। श्री ठाकुरजी गोपीजनों के दही–मख्खन की चोरी करते है, खाते है और आंगन में गिरा भी देते है। वे निज सखाओ को, बन्दरो को खिलाते है। माता यशोदा इधर उधर चारों ओर ढूंढती है और बाद में जब मिलते है तो देखती है – श्रीकृष्ण बंदरो को मख्खन खिला रहे है। श्री नन्दलाल की समस्त लीलाओ के ध्यान में मग्न होते हुए श्री महाप्रभुजी कहते है – "लीला मधुरा"।



લીલા મધુરા

ગો. વા. પ. ભ. અમૃતલાલ કુરાણી (નાગપુરવાળા) ના જય શ્રીકૃષ્ણ

૭.૩ યુકતં મધુરં

બાલઘાતિની પુતનાએ ગોકુળમાં આવી સોળ હજાર બાળકોના પ્રાણનું શોષણ કર્યુ. આ બધા બાળકો લીલાસંબંધી જીવો હતા. પૂતનાના પ્રાણ સાથે બાળકોના પ્રાણ પ્રભુએ ખેંચી લીધાને ઠાકુરજીના ઉદરમાં તેમના પ્રાણ આવ્યા. પૂતનાને મોક્ષ મળ્યો પણ સ્વરૂપાનંદની પ્રાપ્તિ ન થઈ. ઠાકુરજીએ વ્રજની માટી ખાધી. કારણકે બાળકોને ભગવદ્‌ચરણ સંબંધની પ્રાપ્તી કરાવવી હતી. અને તે વ્દારા બાળકોને લીલા સંબંધ કરાવ્યો. પ્રભુની આ કૃતિ બિલકુલ યુકત છે. શ્રી મહાપ્રભુજી કહે છે "યુકતં મધુરં".

७.३ युक्तं मधुरं

बालघातिनी पूतना ने गोकुळ में आकर सोलह हजार बालकों के प्राण का शोषण किया। समस्त बालकों का जीवन लीला सम्बध ही था। पूतना के प्राणों के साथ बालको के प्राण भी प्रभुजीने आकर्षित कर लिए थे। तदर्थ उनके प्राण श्री ठाकुरजी के उदर मे समा गये थे। पूतना को मोक्ष प्राप्त हुआ परंतु स्वरुपानन्द प्राप्त न हो सका। श्री ठाकुरजीने व्रज रज ग्रहण की क्यों कि बालकों को भगवदशरण को प्राप्त कराना था और उसके ही व्दारा बालकों का लीला सम्बध कराया। श्री प्रभुजी का यह कर्म पूर्णतः युक्त है। तदर्थ श्री महाप्रभुजी कहते है – "युक्तं मधुरं"।

અ. સૌ. સ્વ. તારાબેન કુરાણી નાગપુરવાળાના જય શ્રીકૃષ્ણ



યુક્તં મધુરં

ગો. વા. પ. ભ. અમૃતલાલ કુચાણી (નાગપુરવાળા) ના જય શ્રીકૃષ્ણ

૭.૪ મુકતં મધુરં

નંદકુબેર અને મણિગ્રીવને નારદજીના શાપમાંથી મુકિત અપાવવા શ્રીકૃષ્ણે દામોદર લીલા કરી. માતા જશોદા (પુષ્ટિ ભકિત)એ કનૈયાને ખાંડણિયા સાથે બાંધ્યો. શ્રીકૃષ્ણ યમલાર્જુન વૃક્ષવચ્ચે થઈને નીકળ્યા. ખાંડણિયો આડો થઈ ગયો. વધુ જોર કરવા જતાં વૃક્ષ ધરાશાયી થઈ ગયાને વૃક્ષયોનિમાંથી મુકત થઈને બે દૈવી પુરૂષો બહાર નીકળ્યા ને પ્રભુની સ્તુતિ કરવા લાગ્યા. ઠાકુરજીની આ લીલા નિહાળીને શ્રી મહાપ્રભુજી આનંદ મગ્ન થઈ કહે છે "મુકતં મધુરં".

७.४ मुक्तं मधुरं

नलकूबेर व मणिग्रीव को नारदजी के श्राप से मुक्ति दिलाने हेतु श्री बालकृष्णजीने दामोदर लीला की। माता यशोदाजीने उखल से कनैया को बांधा। तब श्रीकृष्ण वृक्ष के बीच से नीकले और उखल आडा होकर वृक्ष के बीच फस गया। ज्यादा बल प्रयोग करने पर दोनों वृक्ष धराशायी हो गये। वृक्षयोनि से मुक्त हो दो दैवी पुरुष बाहर नीकले और प्रभुकी स्तुति करने करने लगे प्रभु की लीला का यह दृश्य निहार श्री महाप्रभुजी आनन्दमग्न हो कह उठे "मुक्तं मधुरं"।



ભુક્તં મધુરં

ગો. વા. પ. ભ. અમૃતલાલ કુરાણી (નાગપુરવાળા) ના જય શ્રીકૃષ્ણ

૭.૫ દૃષ્ટં મધુરં

ગોચારણ સમયે ભકતોને આનંદ આપવા માટે ભગવાન પ્રેમપૂર્વક સૌ કોઈનું અવલોકન કરે છે. સૌના પ્રત્યે પ્રેમભરી દૃષ્ટિથી જુએ છે. આપની એ સ્નેહસિકત દૃષ્ટિ મધુર છે. તેથી શ્રીમદ્ આચાર્ય ચરણ કહે છે "દૃષ્ટં મધુરં"

શ્રી ઠાકુરજીની દૃષ્ટિ વ્રજભકતો પર પડતાં તેઓ પ્રેમવિવશ થઈ વિરહ કાતરતા અનુભવે છે. તેથી શ્રી ઠાકુરજી તેમનો મનોરથ સિધ્ધ કરે છે. એટલા માટે શ્રી મહાપ્રભુજી કહે છે "દૃષ્ટં મધુરં".

७.५ दृष्टं मधुरं

गोचारण के समय श्री कृष्णजी सब भक्तो को आनन्द प्रदान करने हेतु प्रेमपूर्वक समस्त ग्वालो का अवलोकन करते है। वे सबको प्रेमभरी मधुरिम दृष्टि से निहारते हुए, आनन्द प्रदान करते हुए श्री महाप्रभुजी कहते है – "दृष्टं मधुरं।"

श्री ठाकुरजी की दृष्टि व्रजभक्तो पर पडते ही वे प्रेमविवश हो जाते है। वे विरह कातरता का अनुभव करते है। तब श्री ठाकुरजी उनका मनोरथ सिध्द करते है। श्री महाप्रभुजी तदर्थ कहते है "दृष्टं मधुरं।"

અ., સૌ. સ્વ. તારાબેન કુરાણી નાગપુરવાળાના જય શ્રીકૃષ્ણ



દૃષ્ટં મધુરં

ગો. વા. પ. ભ. અમૃતલાલ કુરાણી (નાગપુરવાળા) ના જય શ્રીકૃષ્ણ

गोपा मधुरा
गावो मधुरा
यष्टि मधुरा
सृष्टि मधुरा
दलितं मधुरं
फलितं मधुरं

मधुराधिपतेरखिलं
मधुरम्



૮.૧ ગોપા મધુરા

શ્રીજી પોતાના હસ્તકમળમાં સાત દિવસ સુધી ગોવર્ધન પર્વત ધારણ કરી રાખે છે. ગાયો, ગોપીજનો, ગોવાળો તેમજ સૌ વ્રજજનો ગોવર્ધન પર્વતની નીચે આશ્રય મેળવે છે. ન કરે નારાયણ અને શ્રી ગોવર્ધનના ભારથી આપણા કનૈયાનો કમળથી કોમળ હાથ દુખાઈ જાય તો ! સમસ્ત ચરાચરના એક માત્ર આધાર એવા શ્રીજીનો શ્રમ ઓછો કરવા ગોપો પોતાની લાકડીઓનો ટેકો આપવા લાગ્યા. આવો સ્નેહ છે ગોપોને કનૈયા માટે. આ પુષ્ટિમાર્ગમાં તત્સુખની ભાવના છે. પ્રભુના સુખનો વિચાર છે. માટે શ્રી મહાપ્રભુજી કહે છે "ગોપા મધુરા".

८.१ गोपा मधुरा

श्री बालकृष्ण स्वयं सात दिन तक लगातार श्री गोवर्धन पर्वत धारण किये रहे। गौए, गोपीजन, ग्वाल सभी को गोवर्धन पर्वत के नीचे ठहराकर आश्रय दिया और इंद्र के कोप से ब्रज की रक्षा की। श्री गोवर्धन के भार से अपने कन्हैया का कमल सदृश कोमल हाथ दुखने लगा तो समस्त चराचर के एकमात्र आधार श्री कृष्ण का श्रम कम करने हेतु समस्त गोपग्वाल स्वयं अपनी अपनी लकडियों का टेका लगाने लगे। यह पुष्टिमार्ग में तत्सुख की भावना है। प्रभु के सुख का विचार है। यह सब दृष्टिगत कर श्री महाप्रभुजी कहते है "गोपा मधुरा।"

અ. સૌ. સ્વ. તારાબેન કુરાણી નાગપુરવાળાના જય શ્રીકૃષ્ણ



ગોપા મધુરા

ગો. વા. પ. ભ. અમૃતલાલ કુરાણી (નાગપુરવાળા) ના જય શ્રીકૃષ્ણ

૮.૨ ગાવો મધુરા

શ્રી કૃષ્ણને ગાયો અત્યાધિક પ્રિય છે. તેથી તે ગોવિંદ કહેવાયા. છીત્તસ્વામી ઠાકુરજીના ગૌપ્રેમનું વર્ણન કરતાં કહે છે. "આગે ગાય, પાછે ગાય, ઈત ગાય, ઉત ગાય ગોવિંદકો ગાયન મે બસવોઈ ભાવે" બધી લીલામાં ગોચારણ લીલા મુખ્ય છે. એની સ્મૃતી થતાં શ્રી મહાપ્રભુજી કહે છે "ગાવો મધુરા".

८.२ गावो मधुरा

श्री कृष्ण को गौए अत्याधिक प्रिय है। तदर्थ वे गोविन्द कहलाते है। छीत स्वामिजी ठाकुरजी का प्रेम वर्णन करते हुए कहते है – "आगे गाय, पाछे गाय, इत गाय, उत गाय, गोविन्द को गायन में बसवोई भावे।" समस्त लीलाओं में गोचारण लीला प्रमुख है। इसका स्मरण होते ही श्री महाप्रभुजी आनंद विभोर हो कर कहते है – "गावो मधुरा।"



ગાવો મધુરા

ગો. વા. પ. ભ. અમૃતલાલ કુરાણી (નાગપુરવાળા) ના જય શ્રીકૃષ્ણ

૮.૩ યષ્ટિ મધુરા

કૃષ્ણની લાકડી મધુર છે મનનો નિરોધ કરાવે તે યષ્ટિ. ગોચારણ સમયે, ખેલ ખેલતા લકુટી સાથે રાખે છે. રાધાજીની રક્ષા કરવા માટે પણ લકુટી ધારણ કરે છે. વેણુ અને વેત્ર ઠાકુરજીની લીલાના અતિ મહત્વના ઉપકરણો છે. કયારેક માતા યશોદા આ લાકડીથી જ ધમકાવે છે. શ્રી કૃષ્ણ પાછળ પડે છે. કૃષ્ણ દૂર નાસે છે. પોતા માટે માતા જશોદાનો પ્રચુર વાતસલ્ય પ્રેમ જોતાં કનૈયો પકડાઈ જાય છે. શ્રી મહાપ્રભુજી આ અનુપમ દૃશ્ય જોઈને કહે છે "યષ્ટિ મધુરા".

८.३ यष्टि मधुरा

श्री कृष्णजी की लकडी मधुर है। मन का निरोध कराने में समर्थ वह यष्टि। श्री कृष्ण की लकडी मधुर है। गोचारण के समय साथ में रखते है। राधाजीकी रक्षा करने हेतु भी लटुकी धारण करते है। वेणु और वेत्र ठाकुरजीकी लीला के अति महत्व के उपकरण है। माता यशोदा इसी लकडी से धमकती है। श्रीकृष्ण के पीछे पडती है। कृष्ण दूर भाग जाते है। श्रीकृष्ण के लिए माता यशोदा को प्रचुर वात्सल्य प्रेम है, यह देखकर कन्हैया स्वयं को पकडवा देते है। श्री कृष्णजी के भोलेपन पर माता न्यौच्छावर है। यह अनुपम दृश्य देखकर श्री महाप्रभुजी आनन्दित हुए कहते है – "यष्टि मधुरा।"

અ. સૌ. સ્વ. તારાબેન કુરાણી નાગપુરવાળાના જય શ્રીકૃષ્ણ



યષ્ટિર્મધુરા

ગો. વા. પ. ભ. અમૃતલાલ કુરાણી (નાગપુરવાળા) ના જય શ્રીકૃષ્ણ

૮.૪ સૃષ્ટિ ર્મધુરા

સમસ્ત સૃષ્ટિ પ્રભુની લીલાસૃષ્ટિ હોઈ મધુર છે. શ્રી ઠાકુરજીએ પ્રથમ લીલા માટે વ્રજની સૃષ્ટિ રચી. પછી એ સૃષ્ટિના જીવોને સ્વરૂપાનંદ દાનાર્થ પોતે પણ તેમાં પ્રવેશ્યા. પુષ્ટિ સૃષ્ટિના જીવો શ્રી ગોપીજનો, શ્રી ગોપો શ્રી નંદ જશોદા, ગાયો, પક્ષીઓ, અસુરો આદિ વ્રજસૃષ્ટિના બધા જીવોને તેમના અધિકાર પ્રમાણે લીલા રસની પ્રાપ્તી થઈ. સમસ્ત સૃષ્ટિ પ્રભુની અને તે મધુર છે તેથી સૃષ્ટિ ર્મધુરા.

८.४ सृष्टि र्मधुरा

समस्त सृष्टि श्री प्रभुजी की लीला सृष्टि होने से मधुर है। श्री ठाकुरजी ने प्रथम लीला हेतु व्रज सृष्टि रची। तदनन्तर सृष्टि के जीवों को स्वरुपानंद दानार्थ स्वयं भी सृष्टि मे रुपमय प्रवेश करते है। पुष्टि सृष्टि के जीव श्री गोपीजनों को श्री गोपो, श्री यशोदा, गौएँ, पक्षियो, असुरो आदि व्रज सृष्टि में समस्त जीवो को तदनुसार अधिकारपूर्वक लीला रस की प्राप्ती हुई। समस्त सृष्टि प्रभु की है। तदर्थ श्री महाप्रभुजी कहते है – "सृष्टि र्मधुरा।"



સૃષ્ટિ મધુરા

ગો. વા. પ. ભ. અમૃતલાલ કુરાણી (નાગપુરવાળા) ના જય શ્રીકૃષ્ણ

૮.૫ દલિતં મધુરં

શ્રી ઠાકુરજી ભકતવત્સલ છે. તેથી કાલીંદીના વિષયાસકત જલથી નિજ ભકતોને થયેલ કષ્ટના નિવારણ અર્થે આપ કાલિયનાગના પાશબંધનમાંથી સ્વયં મુકત બનીને ફેણો પર ઊભા થઈ નૃત્ય કરવા લાગ્યા. ભગવાનના અદ્‌ભૂત અને શકિતપૂર્ણ નૃત્યથી હજારે હજાર ફેણનું દમન થતાં ચગદાઈને ભાંગી ગઈ. આ નાગદમન લીલાનું સ્મરણ થતાં શ્રી મહાપ્રભુજી કહે છે "દલિતં મધુરં".

८.५ दलितं मधुरं

श्री ठाकुरजी भक्त वत्सल है। वे कालिन्दी के विषयासक्त जल से निज भक्तो के कष्टो का निवारण, जो उन्हे होते है, आप कालियनाग के पाश बंधन से स्वयं मुक्त कर, उसके फन पर नृत्य करने लगते है। श्री भगवान का अद्‌भुत और शक्ति सम्पन्न नृत्यसे हजारो–हजारों फनो का दमन होते ही वह भाग जाता है। इस नागदमन लीला का स्मरण होते ही श्री महाप्रभुजी कहते है – "दलितं मधुरं।"

અ. સૌ. સ્વ. તારાબેન કુરાણી નાગપુરવાળાના જય શ્રીકૃષ્ણ



દલિતં મધુરં

ગો. વા. પ. ભ. અમૃતલાલ કુરાણી (નાગપુરવાળા) ના જય શ્રીકૃષ્ણ

૮.૬ ફલિતં મધુરં

અનન્યપૂર્વા ગોપીજનોએ કુમારિકાઓએ શ્રીકૃષ્ણને પતિરૂપે પામવા યમુનાજીમાં સ્નાન કરી શ્રી યમુનાજીની વાલુકાથી બનાવેલ કાત્યાયની દેવીનું પૂજન કર્યું. ફલરૂપે પ્રભુએ પરમાનંદનું દાન શરદ સમયે રાસલીલામાં કરાવવાનું વચન દીધું. આમ શરદ પૂનમ ફલાત્મક મહારાત્રી છે. શ્રી ઠાકુરજીએ અનેકવિધ લીલાઓ કરી પ્રત્યેક જીવને યોગ્ય ફલ પ્રદાન કર્યું. શ્રી ઠાકુરજીએ આપેલ પુષ્ટિમાર્ગીય ફળ મધુર છે. તેથી "ફલિતં મધુરં".

८.६ फलितं मधुरं

अनन्यपूर्वा गोपीजनोने श्रीकृष्णको पति के रुप में पाने के लिए यमुनाजी में स्नान कर श्री यमुनाजीकी वालुका से बनाई कात्यायनी देवी का पूजन किया। अस्तु फलरुप प्रभुने परमानन्द का दान, शरद समय रासलीला में देने का वचन दिया। इस तरह शरद पूनम फलात्मक महारात्री है। श्री ठाकुरजीने अनेकविध लीला कर प्रत्येक जीव को योग्य फल प्रदान दिया। श्री ठाकुरजीने दिया हुआ पुष्टिमार्गीय फल मधुर है। तदर्थ "फलितं मधुरं।"



ફલિતં મધુરં

મધુરાધિપતેરખિલં મધુરમ્

ગો. વા. પ. ભ. અમૃતલાલ કુરાણી (નાગપુરવાળા) ના જય શ્રીકૃષ્ણ



શયન

પોઢે લાલન સેજ સુખકારી,
રત્નજટિત સારોટા બૈઠી ચાંપત ચરણ વૃષભાન દુલારી ॥



શયન

પોઢે લાલન સેજ સુખકારી,
રત્નજટિત સારોટા બૈઠી ચાંપત ચરણ વૃષભાન દુલારી ॥

હર્ષદરાય વ [illegible]

તુલસીની માળા

તુલસીની માળા રૂમઝુમ ફેરવો (૨)
માળા ફેરવો એવી રે ફરી જનમ ન લેવો પડે એવી રે (૨)
તુલસી

ગંગાજી નાહયા, ગોમતીજી નાહયા (૨)
યમુના પાન કરો એવા રે, ફરી જનમ ન લેવો પડે એવા રે (૨)
તુલસી

ભાગવત વાંચજો ગીતાજી વાંચજો (૨)
શિક્ષાપત્ર વાંચજો એવા રે, ફરી જનમ ન લેવો પડે એવા રે (૨)
તુલસી

સર્વોત્તમ કરજો, નવરત્ન કરજો,
યમુનાષ્ટક કરો એવા રે, ફરી જનમ ન લેવો પડે એવા રે (૨)
તુલસી

સેવા કરજો, સ્મરણ કરજો
સેવા કરજો એવી રે, મારો લાલો હસી પડે એવી રે (૨)
તુલસી

ગોકુળ જાજો, મથુરા જાજો
પરીક્રમા કરજો એવી રે, ફરી જનમ ન લેવો પડે એવી રે (૨)
તુલસી

બાલકૃષ્ણ જાજોને વ્દારિકાધીશ જાજો
મદનમોહન સેવજો એવા રે, ફરી જનમ ન લેવો પડે એવારે (૨)
તુલસી

સતસંગ કરજો ને કીર્તન કરજો
સતસંગ કરજો એવા રે, મારો વાલો પધારે એવા રે (૨)
તુલસી